રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## લોકભારતીએ માણી અને પામી વસુંધરાની વાણી



સ્થળ: સારસ્વત ભવન, લોકભારતી    તારીખ: ૦૮-૦૪-૨૦૨૨, શુક્રવાર

શ્રી ધ્રુવભાઈ ભટ્ટની નિશ્રામાં અને વિશ્વ વિખ્યાત કબીરવાણીના પ્રચારક-ગાયક શ્રી શબનમજીના સુર-સંગાથે યોજાયેલ વસુંધરાની વાણી કાર્યક્રમે સૌ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા.

વર્ષ: ૭૫    અંક : ૧૧    ૧૫ જૂન, ૨૦૨૨

## લોકભારતીએ માણી વસુંધરાની વાણી





## વસુંધરાના તાલે માઈધાર મન મૂકીને નાચ્યું...





## ટીમાણા ગામે રેલાણી વસુંધરાની વાણી





## ...અને બેલા ગામે પણ માણી વસુંધરાની વાણી





# કોડિયું

વર્ષ : ૭૫ જૂન : ૨૦૨૨ અંક : ૧૧

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **લીવ લાઈફ અનફિલ્ટર્ડ – ૧ કરોડ મહિલાઓની સહજ દેખાવાની ક્રાંતિ**<br>વિશાલ ભાદાણી | ...૬૧૫ |
| ૦૨ | **નિસબત**<br>ચંદુ મહેરિયા | ...૬૧૭ |
| ૦૩ | **વિજ્ઞાન અને સ્ત્રીઓ અને કોન્સમ સારિકા**<br>ટીમ કોડિયું | ...૬૧૯ |
| ૦૪ | **શ્રમ દ્વારા શિક્ષણ-ફી**<br>બાબુભાઈ લાઠિયા | ...૬૨૧ |
| ૦૫ | **પ્રાકૃતિક ખેતીઃ આત્મનિર્ભર ખેડૂત**<br>વીરાભાઈ બી.ચાવડા | ...૬૨૩ |
| ૦૬ | **લોકભારતીના લોક-૧**<br>અશોકપુરી ગોસ્વામી | ...૬૨૫ |
| ૦૭ | **ખુદાના નામે શું નથી થતું? – સમજવા જેવી ફિલ્મ 'ખુદા કે લિયે'**<br>સોનલ પરીખ | ...૬૨૭ |
| ૦૮ | **સાયકલ મારી સરરર જાય... સૂર્યશક્તિથી!**<br>સંકલિત | ...૬૩૦ |
| ૦૯ | **નિષ્ઠાવાન શિક્ષક : ચંપકભાઈ**<br>પ્રવીણચંદ્ર ઠક્કર | ...૬૩૨ |
| ૦૯ | **સમી સાંજનો રાગ**<br>મનોહર ત્રિવેદી | ...૬૩૪ |
| ૧૦ | **મજેદાર સંવાદો**<br>સંકલિત | ...૬૩૮ |
| ૧૧ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૬૩૯ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)

**સંપાદક-મંડળ:**
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડડ્રાફટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

વાર્ષિક રૂ. ૨૦૦/-

## તંત્રીસ્થાનેથી...

### વસુંધરાની વાણીથી 'શબદશાળા' સુધી...

એવું તે શું છે વરસાદના પહેલા ટીપામાં કે ધરા સાથે ધરબાયેલ જીવસૃષ્ટિ માટીની મહેક સાથે નાચી ઊઠે છે? કદાચ, એ કોઈપણ પ્રકારનાં આવરણ વગરના પ્રેમની સીધી અભિવ્યક્તિ છે. બ્રહ્માંડમાં જ્યાં જ્યાં આવી ઘટના ઘટે છે ત્યાં ત્યાં ધરતી જેવો જ પ્રતિસાદ મળે છે.

લોકભારતી-માઈધારમાં 'વસુંધરાની વાણી' કાર્યક્રમમાં આવા જ પ્રેમની સીધી અભિવ્યક્તિ અનુભવી. ધ્રુવ ભટ્ટ અને શબનમ વીરમાણી પ્રેરિત આ 'વસુંધરાની વાણી' કોઈ ચીલાચાલુ કાર્યક્રમ ન રહેતાં એક વિરલ અનુભવ બની રહ્યો, જેમાં બંગાળના બાઉલ ગાયકો, રાજસ્થાનના ભજનિકો અને કચ્છની સ્થાનિક મંડળીઓ સાથે ગામડે ગામડે જઈને મોડી રાત સુધી આપણા તળનું સાચુકલું તત્ત્વ ઢંઢોળ્યું. ગાયકોએ શુદ્ધ અધ્યાત્મિક વરસાદનું એવું તો પાન કરાવ્યું કે દરેકની અંદર પડેલી માટી તાલ અને લયના સથવારે નાચી ઊઠી!

જેમ વરસાદ અને ધરતીના મિલનથી બીજ અંકુરિત થાય છે એમ જ 'વસુંધરાની વાણી'ના સ્પર્શવાથી જે એક સુંદર વિચાર જન્મ્યો છે એની વાત કરતાં હું અત્યંત પ્રસન્નતાની લાગણી અનુભવું છું. એ વિચાર એટલે 'શબદશાળા'. આપણા દેશનું સાચું અધ્યાત્મિક ખમીર તમામ ધાર્મિક અને સાંપ્રદાયિક આવરણોથી પર છે જે આજે પણ સમગ્ર દેશનાં ગામડે ગામડે જીવાય છે અને ગવાય છે. 'શબદશાળા'માં આપણે આ જ અધ્યાત્મિક-ખમીર શાળાનાં બાળકો સુધી લઈ જવું છે. પ્રથમ ચરણમાં ગુજરાતની ૧૦૦ શાળાનાં બાળકો સમજી શકે અને માણી શકે અને આગળ જતાં પામી શકે એવા સ્વરૂપે આ વાત સ્થાનિક કલાકારો ઉપરાંત ભારતભરના ગાયકો દ્વારા પહોંચાડવી છે. જો આપણે બાળકોને નાનપણમાં જ આ સંસ્કારસાગર તરફ અભિમુખ કરીશું તો એ ભવિષ્યના નાગરિકો તરીકે ક્યારેય સાંપ્રદાયિક ગોટાળામાં પડશે નહીં એટલું જ નહીં પણ એમનાં જીવનની પ્રસન્નતામાં અનેક ગણો વધારો થશે અને સર્વાંશે સમગ્ર સમાજ મોર બની થનગનાટ કરતો થશે!

લોકભારતી તો સ્થાપના કાળથી જ ભારતી(શિક્ષણ) પર સવાર થઈ 'લોક'હૃદય સુધી પહોંચવાનો મનોરથ સેવી રહી છે. અનૌપચારિક કેળવણીમાં લોકભારતીની અખૂટ શ્રદ્ધાએ વારંવાર સાબિત કર્યું છે કે જે લોકોને ખપનું છે એ જ કેળવણી કામની. રોજગારલક્ષી કેળવણીની કેડી આજે આપણને પ્રસન્નતાના મહાસાગર સુધી લઈ ગઈ છે. નાનાભાઈ ભટ્ટનું અધ્યાત્મ અને મનુભાઈ પંચોળીના બહોળા દર્શનની સાથોસાથ બીજા અનેક નાના-મોટા કાર્યકરોના સાતત્યપૂર્ણ નિજાનંદી કાર્યનું આ સંયુક્ત પરિણામ છે. આપણને શું ખબર આ 'લોક'ની શિક્ષણ સેવા કરતાં કરતાં જ આપણે 'લોક'ને દ્વારે પહોંચી જઈએ!

— [illegible]

## આદ્યતંત્રીઓની કલમે...

### જીવનવ્યવહારમાં સદાચારઃ માનવતાની દષ્ટિએ

- મૂ. મો. ભટ્ટ

સદાચાર એ જીવનવ્યવહારનું લાવણ્ય છે. જે વ્યક્તિ કે સમાજમાં સદાચાર સ્વાભાવિક રીતે પ્રગટ થતો જોવામાં આવે છે, તે વ્યક્તિ કે સમાજના જીવનમાં એક પ્રકારના સ્વાસ્થ્યપૂર્ણ સૌંદર્યનું દર્શન થાય છે. આથી સદાચારનો મહિમા ખૂબ જ ગવાયો છે.

પણ સદાચારનો મહિમા જેટલો સાર્વત્રિક રીતે ગવાય છે, તે પ્રમાણમાં સદાચાર કોને કહેવો, તે વિશે સાર્વત્રિક એકમતી પ્રવર્તતી જોવા મળતી નથી. માણસના કયા આચારોને સદ્ ગણવા? તેનાં પ્રેરકબળો કયાં ગણવાં? સદાચાર ઘણી વાર શિષ્ટાચારનું રૂપ ધારણ કરીને પ્રગટ થાય છે, પણ શિષ્ટાચાર એ સદાચારનો પર્યાય કે અવેજ પણ નથી. સમૂહમાં વ્યવસ્થિત બેસવું, ગિરદી હોય ત્યાં હારમાં ક્રમબદ્ધ ઊભા રહેવું, વડીલો, વૃદ્ધો, બાળકો, સ્ત્રીઓ, માંદા, રોગી વગેરેને પહેલો લાભ મળે તેવી રીતે બાકીનાઓએ પોતાની જાતને ગોઠવવી વગેરે શિષ્ટાચારો સમાજમાં ખૂબ જ જરૂરી છે. પણ શિષ્ટાચાર પાળનાર સર્વ સદાચારી છે એમ કહી ન શકાય. સદાચાર તે કામાચાર, લોકાચાર અને શિષ્ટાચાર એ ત્રણેથી જુદી ભૂમિકા પર છે. દુર્ભાગ્યે આપણે સદાચારમાં ઠીક ઠીક ભેળસેળ કરી નાખી છે.

દરેક મનુષ્યનું વ્યક્તિત્વ અલગઅલગ હોય છે. તેમાં વારસાગત, કુટુંબગત, પરિસ્થિતિગત બળો કામ કરતાં હોય છે. આપણી ઝંખના અનેકવિધ સંસ્કૃતિઓ વચ્ચે એ જ રહી છે કે આ બધામાંથી એક અખંડ સહસ્રશીર્ષ ને સહસ્રપાદ વિશ્વરૂપ માનવનું દર્શન કેમ થાય. માનવની આ પ્રતિષ્ઠા, તે કેવી રીતે વાસનાઓને વિવેકથી, સંકલ્પબળથી, સમાજનિષ્ઠાથી વાત્સલ્ય, કરુણા, સહકાર, રચનાત્મક દષ્ટિ, ત્યાગ વગેરે શુભ ભાવનાઓમાં ફેરવી નાખે છે, તેના પર છે. આવો માનવ, સમસ્ત માનવજાતિને એક મોટા પરિવાર તરીકે જુએ છે. માનવતાની દષ્ટિમાં મનુષ્યના વિકાસની ઊર્ધ્વગતિ અને વિશાળતા બન્નેનો સમાવેશ થાય છે. પણ આ બન્ને ભાવનાઓ જીવનમાં પ્રગટે નહીં તો તેની કિંમત નથી અને તે સદાચાર દ્વારા જ પ્રગટ થઈ શકે.

આવી દષ્ટિવાળો મનુષ્ય સમાજમાં કેમ વર્તે? એના વ્યવહારોમાં માનવમાત્ર પ્રત્યે આદર અને એમાંથી જન્મેલા સહિષ્ણુતા, ક્ષમા વગેરે ગુણો હશે. એનામાં આત્મવિશ્વાસ અને નિર્ભયતામાંથી જન્મતી સ્વસ્થતા હશે. પોતાનાથી ભિન્ન અને વિરોધી માન્યતા ધરાવનાર વ્યક્તિનો દ્વેષ કે તિરસ્કાર એ નહીં કરે. એ દંભી નહીં હોય, બીજાને મદદરૂપ થવા તત્પર હશે, એનાં સુખો ધર્મથી અવિરુદ્ધ હશે. સમાજના અન્યાયોમાં એની પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગીદારી નહીં હોય ને એ નમ્ર અને દઢ હશે. તેની વાણી મધુર પણ સ્પષ્ટ હશે. જેના વર્તનથી લોકો ઉદ્વેગ ન પામે અને જે લોકોથી ઉદ્વેગ ન પામે તે સદાચારી.

કેળવણીએ જો કોઈ મુખ્ય કામ કરવાનું હોય તો તે એ છે કે બાળકને સદાચરી બનાવવો. તેવું વાતાવરણ, તેવી પ્રવૃત્તિ બાળકને મળે અને તે માટેના યોગ્ય શિક્ષકો વધુ ને વધુ તૈયાર થાય તો આ બને.

## ૦૧. ગ્લોબલ

### લીવ લાઈફ અનફિલ્ટર્ડ – ૧ કરોડ મહિલાઓની સહજ દેખાવાની ક્રાંતિ

વિશાલ ભાદાણી

---

(ફિલ્ટર એટલે સોશ્યલ મીડિયા પર ફોટો મૂકતાં પહેલાં એને શક્ય તેટલો રૂપાળો, દેખાવડો, ગોરો, અને યુવાન બનાવતી ટેક્નૉલૉજી)

આમ તો યુવક-યુવતીઓની પોતાને વધુ બહેતર દેખાડવાની ચાહત સદીઓ જૂની છે પણ સોશ્યલ મીડિયા આવતાં એની તીવ્રતામાં ખૂબ વધારો થયો છે. કોઈપણ વ્યક્તિ વધુ સુંદર અથવા તો આકર્ષક દેખાવા પ્રયત્ન કરે એ સહજ છે, આવું પ્રકૃતિએ લગભગ બધાં પ્રાણીઓમાં રાખ્યું છે. પણ, માણસ જેનું નામ; એણે ટેક્નૉલૉજીની મદદથી અભૂતપૂર્વ ''સૌંદર્ય'' હાંસલ કર્યું છે, પણ એની કિંમત ચૂકવી છે.

છેલ્લાં ૨૫ વર્ષમાં યુવાનોમાં માનસિક બીમારીઓ ૭૦% વધી જેને માટે સંશોધકો સોશ્યલ મીડિયાને, એમાં પણ ઈન્સ્ટાગ્રામને વધુ જવાબદાર માને છે. આના લીધે થઈને યુવાનો આજે બે મોટી બીમારીઓથી પીડાઈ રહ્યાં છેઃ (૧) વધુ/ઓછું જમવાની, જેથી વજન બરાબર જાળવી શકાય અને (૨) પોતાનું શરીર બરાબર નથી એવી લઘુતાગ્રંથિ. કોરિયામાં અત્યારે યુવતીઓમાં એક કરતાં વધુ પ્લાસ્ટિક સર્જરી કરાવવી એ સામાન્ય બાબત છે અને કેટલાક કિસ્સાઓમાં મા-બાપ જ દીકરીઓને આ દિશામાં દોરી જાય છે.

★

ચાલો, હું તમને પૃથા નામની ૧૬ વર્ષની છોકરીની મુલાકાત કરાવું. પૃથા ઈન્સ્ટાગ્રામ પર ખૂબ એક્ટિવ છે. એની ઉંમરની સુંદર છોકરીઓને ઈન્સ્ટાગ્રામ પર સતત જોઈને એને એમ થાય છે કે બધી છોકરીઓ એના કરતાં વધુ દેખાવડી છે. એમાંની કેટલીક છોકરીઓ કસરત કરીને સુંદર થઈ છે તો કેટલીકને વારસાગત સુંદરતા મળી છે. પણ મોટા ભાગની કોઈને કોઈ ફિલ્ટરનો ઉપયોગ કરીને પોતે છે એનાં કરતાં વધુ દેખાવડી અને ગોરી બનીને ઈન્સ્ટાગ્રામમાં ''રજૂ'' થાય છે. પૃથા પણ ધીમે ધીમે આ બધાં ફિલ્ટરનો ઉપયોગ કરવા લાગી અને એમ માનવા લાગી કે, ''હું ઈન્સ્ટાગ્રામ પર જેવી દેખાઉં છું ખરેખર એવી જ સુંદર છું.'' પણ વિરોધાભાસ ત્યારે સર્જાય છે જ્યારે એ બહાર નીકળે છે! એની સુંદરતાનો જેવો પ્રતિભાવ એને ઈન્સ્ટાગ્રામ પર મળે છે એવો વાસ્તવિક જીવનમાં મળતો નથી. કારણકે પૃથાને ગમે કે ન ગમે એ સોશ્યલ મીડિયા પરની છબી જેટલી સુંદર નથી. પૃથા મૂંઝાય છે કે હવે શું કરવું? એટલે એ બહાર નીકળવાનું બંધ કરે છે અને વધુને વધુ સમય ઈન્સ્ટાગ્રામ પર ગાળે છે. પૃથા હવે બીમાર છે. એને લઘુતાગ્રંથિ કોરી ખાય છે. ગમે તેમ કરીને વધુ સુડોળ શરીર, લીસી-ગોરી ચામડી અને ગુલાબી હોઠ કરવા માટે એ હવાતિયાં મારે છે.

જે હેતુ માટે આ બધાં જ ફિલ્ટર રચાયાં છે એ હેતુ આખરે પૃથા સુધી પહોંચી જાય છે. સ્તનનું કદ વધારવા માટેની ગોળીઓ, લીસી-ગોરી ચામડી કરવા માટેના લોશન અને ગુલાબી હોઠ કરવા માટેની સર્જરીની આકર્ષક સ્કીમ! હવે પૃથા શું કરશે? વિચારો.

★

ટીગન અને કેઈશા સેમ્પ્સન નામની બે જોડિયાં બહેનોએ અનુભવ્યું કે ઈન્સ્ટાગ્રામ પર સતત અન્ય છોકરીઓ સાથે પોતાની સરખામણી કરવી, ફિલ્ટરનો ઉપયોગ કરીને જેવા નથી તેવા દેખાવું અને કાયમ એના તણાવમાં રહેવું એ બરાબર નથી. બંને બહેનોએ નક્કી કર્યું કે આપણે છોકરીઓ અને મહિલાઓને જાગૃત કરવી જોઈએ કે ફિલ્ટરનો ઉપયોગ એમને કેવા માનસિક બીમાર બનાવી શકે છે! આ બહેનોની ક્રાંતિનું નામ છે #AsShels. ૬૦ દેશની કુલ ૧ કરોડ મહિલાઓ આમાં જોડાઈ છે! એમનું એક સરસ TED વ્યાખ્યાન સાંભળવા જેવું છે.

હવે પ્રશ્ન એ થાય કે આ છોકરીઓ, આ ક્રાંતિમાં કરે છે શું? એ લોકો ઇન્સ્ટાગ્રામ પર જ પોતાના ફિલ્ટર કર્યા વગરના ફોટોગ્રાફ મૂકે છે – કોઈને ચેહરા પર ખીલ હોય તો એવો ફોટો, કોઈનું વજન વધારે હોય તો એવો ફોટો અને કોઈનો રંગ શ્યામ હોય તો એવો – ટૂંકમાં જેવા છે એવા જ ફોટો મૂકવાના અને નીચે આવું કરવાથી એમને કેવો અનુભવ થયો એના વિષે એક-બે વાક્યો લખવાનાં અને #AsShels લખવાનું. આ ક્રાંતિ કરોડો છોકરીઓને માનસિક તણાવરહિત, સહજ કેમ રહી શકાય એનો અનુભવ કરાવે છે. અત્યારે ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક પર તમે 'લીવલાઈફઅનફિલ્ટર્ડ' સર્ચ કરશો તો ખ્યાલ આવશે કે કેવી હૃદયસ્પર્શી વાતો એમાં કરી છે.

આપણું શરીર આપણને જીવનમાં સારાં કામ કરવા માટેની જરૂરી ઊર્જા આપે છે, પણ જો આપણે આપણા જ શરીરના દેખાવને લઈને માનસિક બીમાર થઈ જઈએ તો કોઈપણ કામ ન કરી શકીએ. આનો અર્થ એ બિલકુલ નથી કે યુવતીઓએ પોતાને સુંદર બનાવવા કશું જ ન કરવું – કસરત કરવાની, પૌષ્ટિક આહાર લેવાનો અને સરસ ઊંઘ લેવાની. પણ, આ ત્રણેય વસ્તુઓ કર્યા વગર માત્ર ફિલ્ટરના ઉપયોગથી જ કાલ્પનિક સૌંદર્ય ફોટાના સ્વરૂપે પ્રાપ્ત કરવું એ આપણા સર્વાંગીણ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે એ સાબિત થયું છે ત્યારે આપણે ચેતીએ.

શું માત્ર કિશોરીઓ અને યુવતીઓ જ ફિલ્ટરનો ઉપયોગ કરે છે? ના. કિશોરો અને યુવાનો પણ આ જ રસ્તે આગળ વધી રહ્યા છે. પણ, હાલ માનસિક બીમારીઓના જે આંકડાઓ સામે આવી રહ્યાં છે એમાં મહત્તમ કિશોરીઓ અને યુવતીઓ જ છે એટલે આ ક્રાંતિ (#AsShels) એમને અગ્રીમતા આપે છે. Our Bodies are Not an Image નામના એક TED વ્યાખ્યાનમાં મેરી જેલ્કોવ્સ્કી કહે છે કે ૯૬% મહિલાઓ પોતાનાં દેખાવથી સંતુષ્ટ નથી! આ કેટલું ખતરનાક છે!!

આટલું જાણીને કોઈ મા-બાપ પોતાની દીકરી પાસેથી સ્માર્ટ-ફોન છીનવી લે અથવા તો સોશ્યલ મીડિયા એકાઉન્ટ ડીલીટ કરાવી દે તો આપણે આ મુદ્દાની ગંભીરતા બરાબર સમજી નહીં કહેવાય! આનો રસ્તો દીકરીઓ પર નિયંત્રણો નાખવાં એ નથી. પણ એને પોતાનાં દેખાવ અંગેના ગાંડપણ અને અન્ય ફિલ્ટરવાળી છોકરીઓ સાથેની સરખામણીમાંથી કેમ બહાર કાઢી શકાય એ સંવાદ સાધવાનો છે. આપણે એમને ત્રણ બાબતો સમજાવી શકીએઃ

૧. ઇન્સ્ટાગ્રામ પર ફિલ્ટરનો ઉપયોગ આપણને નકલી જીવન જીવવા મજબૂર કરે છે. આપણે બીમાર બનીએ છીએ.

૨. કોઈપણ સમયે નકલી સૌંદર્ય કરતા સારું સ્વાસ્થ્ય જ વધુ મહત્ત્વનું છે.

૩. આપણું માનસિક સ્વાસ્થ્ય ઇન્ટરનેટ નહીં પણ આપણું આંતર-નેટ, આપણો માંહ્યલો નક્કી કરે એ વાજબી છે.

ચાલો, આપણે બધાં જ 'અનફિલ્ટર્ડ' જીવન જીવવાની દિશામાં આગળ વધીએ.

★

હું જાતે આંધળી, જે લોકો દેખતા છે તેમને એક સૂચન કરી શકું એમ છુંઃ આવતી કાલે જ જાણે તમારી પર અંધાપો ઊતરી પડવાનો છે તેમ સમજીને તમારી આંખો વાપરજો. અને બીજી ઇન્દ્રિયોને પણ એ જ રીત લાગુ પાડજો. માનવ-શબ્દોનું સંગીત, પંખીનું ગાન, સુરાવલિના પ્રચંડ સ્વરો – જાણે કે આવતીકાલે જ તમે બહેરા બની જવાના હો એ રીતે સાંભળજો. જે જે ચીજને સ્પર્શ કરવો હોય એને એ રીતે હાથ લગાડજો કે જાણે કાલે તમારી સ્પર્શેન્દ્રિય બંધ પડી જવાની છે. પુષ્પોને એ રીતે સૂંઘજો ને રોટલાનું બટકું એ રીતે મમળાવજો કે જાણે કાલથી તમે કદી સુવાસ કે સ્વાદ અનુભવી શકવાના નથી. આ સૃષ્ટિએ તમારી સન્મુખ પાથરેલા સુખ અને સૌંદર્યના એકેએક પાસાને માણજો. પ્રત્યેક ઇન્દ્રિયનો પૂરેપૂરો ઉપયોગ કરી લેજો.

- હેલન કેલર

## નિસબત

ચંદુ મહેરિયા

દેશમાં સૌથી ઓછો બેરોજગારી દર ધરાવતાં પાંચ રાજ્યોમાં ગુજરાત બીજા ક્રમે છે. ગુજરાતમાં ૧.૬ ટકા જ બેરોજગારી દર છે. અંદાજપત્ર સત્રમાં વિધાનસભા-પ્રશ્નના જવાબમાં રજૂ થયેલી સરકારી માહિતી પ્રમાણે રાજ્યમાં શિક્ષિત બેરોજગાર માત્ર ૩.૪૬ લાખ જ છે. જો કે સરકારી આંકડાઓ કરતાં વાસ્તવિકતા કંઈક જુદી જ છે.

છ વરસ પછી તાજેતરમાં ૩૪૩૭ તલાટીની જગ્યાઓની ભરતીની જાહેરાતના અનુસંધાને સવાત્રેવીસ લાખ અરજીઓ આવી છે. પંચાયત ક્લાર્કની ૧૧૮૧ જગ્યાની ભરતી માટે ૧૦.૧૪ લાખ અને હેડક્લાર્કની ૧૮૬ જગ્યાઓ માટે ૨.૪૧ લાખ ઉમેદવારોએ નોકરી મેળવવા અરજી કરી છે. તલાટીની એક જગ્યા માટે ૫૩૦, પંચાયત ક્લાર્ક માટે ૮૫૯ અને હેડક્લાર્ક માટે ૧૨૯૭ ઉમેદવારો હોય તેમ જ કોઈપણ રોજગાર ન મળતાં, લઘુતમ વેતન કરતાં ઓછા વેતને કામ કરવા માંગતા નોંધાયેલા 'મનરેગા' મજૂરો રાજયમાં ૩૨ લાખ હોય પણ તેમાંથી માત્ર ૩૫,૦૦૦ને જ સો દિવસની રોજગારી મળે-તે અલ્પ બેરોજગારી દર ધરાવતા ગુજરાતમાં બેરોજગારીનું વિકરાળ રૂપ દર્શાવે છે. જો માંડ દોઢ ટકો બેરોજગારી દર ધરાવતા ગુજરાતમાં આ સ્થિતિ હોય તો સૌથી વધુ ૩૪.૧ ટકાનો બેરોજગારી દર ધરાવતા હરિયાણા અને દેશનાં અન્ય રાજ્યોમાં કેવી વિકટ સ્થિતિ હશે!

સરકારી નોકરીમાં નિમ્નતમ કક્ષાની ગણાતી રેલવેની ગ્રુપ-ડીની જગ્યાઓ માટે સવા કરોડ બેકાર યુવાનોએ અરજી કરી હતી, જે ૨૦થી ૨૫ વરસની દેશની યુવાવસ્તીનો દસમો ભાગ હતો. ૨૦૧૯ની ગ્રુપ-ડીની ભરતીની જાહેરાતમાં ઉમેદવારે માત્ર કમ્પ્યૂટર બેઝ ટેસ્ટ પાસ કરવાની હતી. પરંતુ રેલવેતંત્રએ ત્રણ વરસ રાહ જોવડાવી ૨૦૨૨માં ભરતી પ્રક્રિયા આરંભી ત્યારે ફેરવી તોળ્યું અને વધુ એક પરીક્ષા લેવાનું જણાવતાં બિહાર અને અન્યત્ર હિંસક વિરોધ થયો હતો. સમયસર ભરતી ન થવી, ભરતીપરીક્ષાનાં પેપર લીક થવાં, પરીક્ષા પછી લાંબા સમય સુધી પરિણામ ન આપવું અને પરિણામ આવી જાય પછી સફળ થયેલા યુવાનોને નિમણૂક આપવામાં અસહ્ય વિલંબ કરવો તે અજંપ બેરોજગાર યુવાનોની સહનશક્તિની કસોટી કરવા બરાબર છે. તેથી સરકાર અને વહીવટી તંત્રનું બેરોજગારીના મુદ્દે અગંભીર અને અસંવેદનશીલ વલણ બેરોજગાર યુવાનોમાં અજંપો અને આક્રોશ જન્માવે તે સ્વાભાવિક છે

હાલની બેરોજગારી એ કાંઈ કોરોના મહામારીને કારણે જ નથી. હા, દેશવ્યાપી તાળાબંધી દરમિયાન બેરોજગારીનો દર ૨૪ ટકા જેટલો ઊંચો હતો એ ખરું પણ કેન્દ્રના શ્રમ મંત્રાલયના ૨૦૧૯ના અહેવાલ મુજબ ૨૦૧૭-૧૮નો બેરોજગારી દર દેશમાં પિસ્તાળીસ વરસનો સૌથી ઊંચો દર હતો. એન.એસ.ઓ.ના જણાવ્યા મુજબ ૨૦૧૯નો બેરોજગારી દર પાંચ દાયકામાં સર્વાધિક હતો. દેશનો દર દસમો યુવાન રોજગારવિહીન હોવાનું જણાવતા સામયિક શ્રમબળ સર્વેક્ષણ પ્રમાણે ૨૦૧૯-૨૦માં ૧૮થી ૨૫ વર્ષના યુવાનોમાં બેરોજગારી દર ૨૪.૫ ટકા હતો. સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઈકોનોમીના રિપોર્ટ મુજબ ડિસેમ્બર ૨૦૨૧માં ભારતનો શહેરી બેરોજગારી દર ૯.૩ ટકા, ગ્રામીણ ૭.૨૮ ટકા અને કુલ ૭.૯ ટકા હતો.

બેરોજગારી એક એવી સ્થિતિ છે જેમાં કામ કરવા શારીરિક-માનસિક રીતે સ્વસ્થ અને સક્ષમ હાથને કામ મળતું નથી. નિષ્ણાતો અને નીતિનિર્ધારકોએ બેરોજગારીના પણ

જાતભાતના પ્રકારો ઊભા કર્યા છેઃ પૂર્ણ અને અર્ધશિક્ષિત, અર્ધશિક્ષિત અને અશિક્ષિત, શહેરી અને ગ્રામીણ, પ્રત્યક્ષ અને પ્રચ્છન્ન, અનૈચ્છિક અને ઐચ્છિક, મોસમી અને ચક્રીય - પણ એ તો જેને વીતી હોય એ જ જાણે. કામના અભાવે દિવસો પસાર કરતાં બેરોજગાર યુવાનોનું જીવન વગર વાંકે અપરાધ જેવું હોય છે. ઘર માટે બોજારૂપ, નકામો, રખડેલના મહેણાં-ટોણાં સહન કરીને તે પોતાની નજરમાં જ ઊતરી જાય છે. લોકોની ઉપેક્ષા ક્યારેક તેને ગુનેગારોની દુનિયામાં ધકેલી દે છે કે દારૂ, જુગાર, નશાના રવાડે ચડાવી દે છે.

**બેરોજગારી એક એવી સ્થિતિ છે જેમાં કામ કરવા તૈયાર, સ્વસ્થ અને સક્ષમ હાથને કામ મળતું નથી. સરકાર અને વહીવટી તંત્રનું અગંભીર અને અસંવેદનશીલ વલણ બેરોજગાર યુવાનોમાં અજંપો અને આક્રોશ જન્માવે છે.**

ભારતમાં બેકારી કે રોજગારના સંકટ માટે અનેક કારણો છે. નવી અયોગ્ય ટેક્નૉલૉજી, યાંત્રીકરણ, અમર્યાદિત નફાની ભૂખ, કૌશલનો અભાવ, રોજગારવિહીન વિકાસ, ખેતી પરનું ભારણ, ખામીયુક્ત રોજગાર આયોજન, કૃત્રિમ મંદી, ખરીદશક્તિને ધ્યાનમાં રાખ્યા વિના થતું ઉત્પાદન, સંસાધનોની અસમાન વહેંચણી, નાના, મધ્યમ ઉદ્યોગોને સરકારી મદદ-પ્રોત્સાહનનો અભાવ, સરકારી નોકરીઓમાં ખાલી જગ્યાઓ, મૂડીનો અભાવ અને રોજગારલક્ષી શિક્ષણનીતિનો અભાવ જેવાં કારણો બેરોજગારી સર્જે છે.

હરિ તારાં નામ છે હજાર - જેમ વિવિધ પ્રકારની બેરોજગારી છે તેમ દેશમાં વિવિધ નામધારી બેરોજગારી નિવારણની સરકારી યોજનાઓ પણ છે. પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી રોજગાર યોજનાઓ, પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી કૌશલ વિકાસ યોજના, સ્ટાર્ટ અપ ઇન્ડિયા, મેક ઇન ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા, સ્થાનિક રોજગાર, સ્વદેશી રોજગાર અને એવી ઘણી રોજગાર યોજનાઓ છતાં બેકારી યથાવત્ છે.

વ્યવસાયલક્ષી શિક્ષણ અને કૌશલ્યવર્ધન તાલીમની જેટલી વાતો થાય છે તેટલો અમલ થતો નથી. ચીનમાં પાંચ લાખની સામે ભારતમાં માત્ર પચીસ હજાર કૌશલ વિકાસ કેન્દ્રો છે. દેશ અને દુનિયાને કુશળ કર્મીઓની મોટી જરૂરિયાત છે. એ સંજોગોમાં ભારતને કુશળ કર્મીઓનું મુખ્ય કેન્દ્ર બનાવી શકાય. પરંતુ તે અંગે સરકાર અને સમાજ પૂરતા સજાગ નથી. અખાતી દેશોમાં કુશળ-અકુશળ ભારતીયો હજારોની સંખ્યામાં કામ કરે છે તો બીજી તરફ ભારતમાં રશિયા, ચીન અને પૂર્વ યુરોપના વીસેક હજાર વેલ્ડર્સ કામ કરે છે. તેનું શું ?

વડાપ્રધાન કહે છે તે સાચું છે કે ભજિયાં વેચવાં એ પણ રોજગાર જ છે પણ તેને માટે સરકારની કશી જરૂર ખરી? જો એ ના હોય તો પાંચ વર્ષમાં દેશમાં બે કરોડ અને રાજ્યમાં બાવીસ લાખ રોજગારનાં વચનો શું કામનાં? સંસદમાં સરકારે કબૂલ્યું છે કે છેલ્લાં છ વર્ષોમાં માત્ર બેરોજગારી જ નથી વધી બેરોજગારીના કારણે યુવાનોની આત્મહત્યાઓ પણ વધી છે. ૨૦૨૦ના વરસમાં દેશમાં ૩૫૪૮ યુવાનોએ બેરોજગારીને કારણે આત્મહત્યા કરી હતી. દર અઢી કલાકે એક બેરોજગારની આત્મહત્યા, દર કલાકે ઉદ્યોગપતિઓની સંપત્તિમાં ૯૦ કરોડની વૃદ્ધિ અને ગુજરાતમાં વરસે ૬૩૯ યુવાનોને સરકારી નોકરીઓ - આ વરવી વાસ્તવિકતા અને વિરોધાભાસ વચ્ચે બેકારીનું નિવારણ શોધવાનું છે

'જેણે દાંત આપ્યા છે તે ચાવવાનું પણ આપશે' જેવી લોકમાન્યતાઓ માનીને બેસી ન રહેવાય. પેટનો ખાડો પૂરાય તેટલો નહીં, ગાંધી કથ્યો 'જીવનયોગ્ય દરમાયા'વાળો સન્માનજનક રોજગાર સૌને સુલભ કરી આપવાની સરકાર માબાપની પ્રાથમિક ફરજ છે.

સ્રોતઃ વેબગુર્જરી ૧૯-૪-૨૦૨૨

maheriyachandu@gmail.com

## વિજ્ઞાન અને સ્ત્રીઓ અને કોન્સમ સારિકા

ટીમ કોડિયું

ભારતનાં શહેરોમાં કોર્પોરેટ સેક્ટરમાં, સંપૂર્ણ સમાનતા દૂર હોવા છતાં સ્ત્રીઓને બહુ ઝડપથી સમાન તકો મળતી થઈ છે અને એ માટે સરકાર અને કોર્પોરેટ સેક્ટર પાસે ચોક્કસ નીતિઓ પણ છે. પણ વિજ્ઞાનનું ક્ષેત્ર હજી સુધી મહદ અંશે પુરુષોના કબજામાં જ છે. સ્ત્રીઓને એમાં નિર્ણાયક સ્થાન મળે એવી તક ઘણી ઓછી છે. જો કે વિજ્ઞાનના ક્ષેત્રમાં સ્ત્રીઓનું હાંસિયામાં ધકેલાઈ જવું એ માત્ર ભારતની નહીં, વૈશ્વિક સ્થિતિ છે.

૨૦૦૪માં ઇન્ડિયન નેશનલ સાયન્સ એકેડમીએ સ્ત્રીઓને વિજ્ઞાનમાં વધુ તક મળે, તેઓ વિજ્ઞાનમાં કારકિર્દી બનાવવા પ્રેરાય એ માટે એક ખાસ કમિટી બનાવી. કમિટીએ જોયું કે સ્ત્રીઓ વિજ્ઞાન ભણે છે ખરી, પણ એ પછી એમનું લક્ષ્ય યુનિવર્સિટીઓમાં પ્રોફેસર બનવાનું જ હોય છે. ભાગ્યે જ કોઈ સ્ત્રી સંશોધન કરવા કે વિજ્ઞાની બનવા પ્રેરાય છે. પછી સ્વાભાવિક રીતે જ ઍવૉર્ડ અને સન્માનોમાં પણ એમની ટકાવારી ખૂબ ઓછી હોય છે. ઇન્ડિયન નેશનલ સાયન્સ એકેડમીના ૨૭૯ ફેલોમાંથી સ્ત્રીઓ બે જ છે.

વિજ્ઞાનમાં સ્ત્રીઓની ભાગીદારી વધે એ માટે સરકારનો સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી વિભાગ પણ આગળ આવ્યો છે. ૩૦થી ૫૦ વર્ષની મહિલા ટેક્નૉલૉજિસ્ટો અને વિજ્ઞાનીઓને વધારે તકો પૂરી પાડવા માટે આ વિભાગે ઇનોવેટિવ વિમેન સાયન્ટિસ્ટ્સ સ્કીમ બનાવી છે. આ સ્કીમમાં સ્ત્રીઓને એમના રસના વિજ્ઞાન-વિષયોમાં સંશોધન કરવાની વ્યાપક તક મળે એવી, જરૂરી સ્થિતિસ્થાપકતા સાથેની યોગ્ય ઇન્સ્ટિટ્યૂશનોની સુવિધા છે.

સ્ત્રીઓને એક બાજુથી તકો ઓછી છે અને બીજી બાજુ સમાજિક-પારિવારિક વિઘ્નો નડે છે. સરકાર આ સમજે છે અને એ વિઘ્નો વિશે ગંભીર વિચાર પણ કરે છે. સરકારના વિજ્ઞાન ખાતા હેઠળ ચાલતી નેશનલ રિસર્ચ લૅબોરેટરીનાં એકમાત્ર સ્ત્રી-ડાયરેક્ટર વિજયાલક્ષ્મી રવીન્દ્રનાથ કહે છે, ‘સરકાર વિજ્ઞાનસંસ્થાઓમાં ‘જેન્ડર ઑડિટ’ રાખવાની ભલામણ કરે છે. સારું છે, પણ મને આશા છે કે એક દિવસ અમે એવા વિજ્ઞાનીઓ, જે સ્ત્રીઓ પણ છે, એ રીતે ઓળખાઈશું. અત્યારની જેમ સ્ત્રીવિજ્ઞાની તરીકે નહીં. આ બેમાં ફરક છે…’

વાત સાચી છે. વિજ્ઞાનને લગતી કારકિર્દી બનાવનાર સ્ત્રીઓ પ્રત્યેના લોકોના દૃષ્ટિકોણમાં પરિવર્તન લાવવું જરૂરી છે. ભારત જેવા દેશમાં, જ્યાં ‘પ્યોર સાયન્સ’એ હજી સરકાર અને જાહેર ક્ષેત્રોના વર્ચસ્વ હેઠળ છે, ત્યાં તો સ્ત્રીઓને વિજ્ઞાનમાં આગળ વધવા મદદરૂપ થાય એવી નીતિઓની ખાસ જરૂર છે.

આ ભૂમિકા સાથે મળીએ કોન્સમ સારિકા નામની મહિલા વિજ્ઞાનીને. કોન્સમ સારિકા મણિપુરનાં છે. દિલ્હીના એગ્રીકલ્ચર સાયન્ટિસ્ટ રોક્રિટમેન્ટ બૉર્ડ દ્વારા ૨૦૧૩માં કોન્સમ સારિકાની વરણી ‘જિનેટિક્સ એન્ડ પ્લાન્ટ બ્રિડિંગ સાયન્ટિસ્ટ’ તરીકે થઈ હતી. એ વખતે તેઓ ઇન્ડિયન એગ્રીકલ્ચર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ન્યૂ દિલ્હીમાં જિનેટિક્સ પર સંશોધન કરી રહ્યાં હતાં. ICAR AIEEA PG પરીક્ષામાં એમણે આખા ભારતમાં બીજું સ્થાન મેળવ્યું હતું. તે પછી એમનાં લગ્ન ઈમ્ફાલના એક સર્જન સાથે થયાં. દંપતીને બે જોડકી દીકરીઓ છે.

કોન્સમ સારિકા ભારપૂર્વક કહે છે કે અંગત જીવન અને કારકિર્દીનું સંતુલન સાધવાનો સંઘર્ષ જીવલેણ હોય છે. તેના જ શબ્દોમાં સાંભળીએ, ‘હું સાયન્ટિસ્ટ છું. જિનેટિસિસ્ટ, પ્લાન્ટ બ્રિડર અને જોડિયાં દીકરીઓ મિત્સ્ના અને મિહેનની મા પણ. લગ્નનાં પાંચ વર્ષ બાદ આઈ.વી.એફ.થી અમે આ દીકરીઓ મેળવી છે. મારું

કામ ખૂબ સમય અને મહેનત માગી લેતું છે, બીજી બાજુ પુત્રવધૂ તરીકે પરિવારની મારી પાસેની અપેક્ષાઓનો પણ અંત નથી. આપણી સંસ્કૃતિ એવી છે જેમાં પુત્રવધૂ બીજું જે પણ કરે, એણે ઘરની વ્યવસ્થા તો સંભાળવી જ પડે. એટલે ઘર, આઠ કલાકની જૉબ, સી-સેક્શન ડિલિવરી, પ્રસૂતિની રજા પૂરી ન થઈ હોય ત્યાં બૉસના ઢગલાબંધ ઈમેઇલ, અસંવેદનશીલ કલિગ્સ, બે નવજાત બાળકો — આ બધું સંભાળવું એ હર્ક્યૂલસ જેવી શક્તિ માગી લે. ઘર, માતૃત્વ અને કારકિર્દીનું સંતુલન સાધવાનો સંઘર્ષ ઘણીવાર જીવલેણ બની જાય છે.

**ઘર, આઠ કલાકની જૉબ, સી-સેક્શન ડિલિવરી, પ્રસૂતિની રજા પૂરી ન થઈ હોય ત્યાં બૉસના ઢગલાબંધ ઈમેઇલ, અસંવેદનશીલ કલિગ્સ, બે નવજાત બાળકો — આ બધું સંભાળવું એ હર્ક્યૂલસ જેવી શક્તિ માગી લે...**

'હું ભણવામાં તેજસ્વી હતી. વિદેશ જઈ ખૂબ બધું શીખવાનાં સ્વપ્ન જોતી. ૨૦૧૧માં સરકાર તરફથી યુ.કે. જઈને ભણવા માટેની સ્કૉલરશીપ મળી, જેનો ઉપયોગ હું દુર્ભાગ્યે ન કરી શકી. ૨૦૧૯માં અમેરિકાની પ્રસિદ્ધ ફૂલબ્રાઈટ યુનિવર્સિટીએ એક વર્ષ માટે પૉસ્ટ ડૉક્ટરેટ ફેલોશીપ ઑફર કરી. 'નાઉ ઓર નેવર' જેવી તક હતી, સાથે નિર્ણય કરવો ઘણો અઘરો હતો કેમ કે દીકરીઓ નાની હતી. મારા પતિ સર્જન છે, એમને અઠવાડિયાના ચારપાંચ દિવસ બહાર રહેવું પડે છે. દ્વિધા જબ્બર હતી. છેવટે મારાં મામીએ, બે આયાઓની મદદથી દીકરીઓને સાચવવાનું માથે લીધું. ઘરમાં સી.સી.ટી.વી. કૅમેરા લગાડ્યા અને એ તબક્કો પાર પાડ્યો.

'સાડાદસ મહિનાની દીકરીઓને છોડી દુનિયાના બીજા છેડે જવું તો પણ મુશ્કેલ હતું. મને અપરાધભાવ ઘેરી વળતો. રોજ રાત્રે હું કેલિફૉર્નિયાથી ભીની આંખે એમને રમતાં ને દોડાદોડી કરતાં જોતી રહેતી. એમને ગમતાં ગીત ગાતી. મને યાદ છે, મારી પાસે 'કાન્ટ હૅલ્પ ફૉલિંગ ઇન લવ' કે 'ઑલ આઈ વૉન્ટ' સાંભળતાં બન્ને દીકરીઓ માથું હલાવતી કેવી ડોલતી!

'મને હતું કે સમય સાથે બધું ઠીક થઈ જશે —પણ થયું ઊંધું. કોરોના આવ્યો અને દીકરીઓને મળવાનું લંબાઈ ગયું. એમને ગોદમાં લેવાની ઇચ્છા પર પથ્થર મૂકીને એ સમય કેમ વીતાવ્યો તે હું જ જાણું છું. ક્યારેક ઉદાસી ઘેરી વળતી, ક્યારેક ભાંગી પડતી. બીજા સાડાસાત મહિના, તે પણ અનિશ્ચિતતા સાથે અમેરિકા રહેવું પડ્યું. જો કે હું ખૂબ શીખી. ખૂબ કામ કર્યું. એનો ભરપૂર સંતોષ અને આ દુઃખ બન્ને મારી અંદર સાથે સાથે જીવ્યાં. પતિ, પિતા અને ગૃહસ્થ તરીકેનો દરજ્જો પુરુષને આવી દ્વિધા આપતો નથી કે એમને એમની કારકિર્દીમાં એને લીધે સંઘર્ષ આવતો નથી એ હકીકત છે. આ સમસ્યા વિશ્વભરની સ્ત્રીવિજ્ઞાનીઓ અને સંશોધકોને વત્તા-ઓછા પ્રમાણમાં મૂંઝવે છે. એવું નથી કે એમનામાં પ્રતિભા નથી, પણ કુટુંબ અને ઉપરીઓ-સાથીઓની અપેક્ષાઓ એમના વાસ્તવિક પડકારોને ધ્યાનમાં લેતી નથી અને એમને મદદરૂપ થાય એવી નીતિઓ સરકાર કે સંસ્થાઓ ભાગ્યે જ બનાવી શકે છે. સ્ત્રીવિજ્ઞાનીઓનાં કામ અને આત્મવિશ્વાસ પર એથી અસર પડે છે.'

આ પરિસ્થિતિમાં અત્યારે તો સ્ત્રીવિજ્ઞાનીઓએ પોતાનું વહાણ ચલાવવાનું છે. એમને મદદ કરનારી નીતિઓ અને માનસિકતાઓ પણ એક દિવસ બનશે. યાદ કરીએ બે નોબેલવિજેતા સ્ત્રીવિજ્ઞાનીઓને. રોઝાલિન યલો કહે છે, 'વી મસ્ટ બિલિવ ઇન યૉરસેલ્ફ. ઓર નો વન એલ્સ વિલ બિલિવ ઇન અસ.' આપણાં સ્વપ્નો સાકાર કરવાની સક્ષમતા, હિંમત અને સંકલ્પ આપણે જ આપણામાં કેળવવાનાં છે.' અને ગટ્રુડ એલિયન કહે છે, 'કોઈ મુશ્કેલ બાબત સહેલાઈથી મળતી નથી. કોઈની વાતોથી નાહિંમત ન થાઓ. હું બાયોકેમિસ્ટ્રી ભણવા ગઈ ત્યારે લોકો કહેતાં 'સ્ત્રીને કોઈ દિવસ બાયોકેમિસ્ટ્રી આવડતું હશે, છોકરીનું ફરી ગયું છે.' મેં સાંભળ્યું નહીં અને ખૂબ મહેનત કરી.

## ૦૪. કેળવણીના નવા આયામો

### શ્રમ દ્વારા શિક્ષણ-ફી

બાબુભાઈ લાઠિયા

---

હું અધ્યાપન મંદિર(પી.ટી.સી.), સર્વોદય આશ્રમ, શાહપુર(સોરઠ) ખાતે જૂન ૧૯૭૨થી જૂન ૧૯૯૧ સુધી અધ્યાપક તરીકે અને જુલાઈ ૧૯૯૧થી ઑક્ટોબર ૨૦૦૭ સુધી આચાર્ય તરીકે કાર્યરત હતો. વળી આ સમગ્ર ગાળા દરમિયાન ગૃહપતિની ફરજ પણ મારા શિરે હતી.

અધ્યાપન મંદિરમાં મધ્યસ્થ પ્રવેશપદ્ધતિને કારણે ગુજરાતના મોટા ભાગના જિલ્લાના વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ અમારે ત્યાં રહેતું. એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. પ્રશિક્ષણાર્થીઓને સરકાર તરફથી નિયમાનુસાર શિષ્યવૃત્તિ અને ફૂડ બિલની રકમ મળતી. પરંતુ ઓપન કેટેગરીના વિદ્યાર્થીઓમાંથી ઘણી વખત આર્થિક રીતે વિષમ પરિસ્થિતિવાળા વિદ્યાર્થીઓ પણ આવતા. પ્રવેશ મળે ત્યારે પ્રથમ સત્રની ફી પ્રવેશ કન્ફર્મ કરવા મોટા ભાગના વિદ્યાર્થીઓ ગમે તેમ કરીને ફી ભરી દેતા. પરંતુ બીજા સત્રની ફી ભરવાનો સમય આવે ત્યારે વિષમ પરિસ્થિતિવાળા વિદ્યાર્થીઓ મારી પાસે આવે અને પોતાના કુટુંબ વિશે અને પ્રથમ સત્રની ફી કેવી રીતે ભરી હતી તેની દર્દભરી દાસ્તાન સંભળાવે. અમારી સંસ્થાની છાત્રાલય ફી અને ભોજન ફી સાવ સામાન્ય, પણ એટલી રકમ ભરવાના પણ કોઈકોઈને સાંસાં પડે. વળી, સંસ્થાની આર્થિક સ્થિતિ પણ સાવ સામાન્ય. તેથી હું ટ્રસ્ટને આવા વિદ્યાર્થીઓની ફી માફી કે ફીમાં અમુક રાહત આપવાનું ન કહી શકતો.

એક વર્ષે(સાલ યાદ નથી) બહુ ઊંચા વ્યાજે નાણાં લઈને પ્રથમ સત્રની ફી ભરીને બે વિદ્યાર્થીઓ અમારે ત્યાં પી.ટી.સી. પ્રથમ સત્રમાં દાખલ થયેલા. બીજા સત્રની ફી ભરવાની આવી ત્યારે આ બંને મારા ઘરે આવ્યા. કુટુંબની સ્થિતિનું દર્દભર્યું વર્ણન સજળ આંખે મારી સામે કર્યું અને બીજા, ત્રીજા અને ચોથા સત્રની ફી ભરવાની અશક્તિ દર્શાવી. એમનાં આંસુએ મારી આંખો અને હૃદય ભીંજવ્યાં. મેં એમને તત્પૂરતી સાંત્વના આપ્યા બાદ એમનો પી.ટી.સી.નો અભ્યાસ વિના વિઘ્ને પૂરો થઈ જશે એવો વિશ્વાસ અપાવીને કહ્યું, 'ઈશ્વર સૌ સારાં વાનાં કરશે, નચિંત થઈને ભણો.' એ બંને આંખો લૂછીને છાત્રાલયમાં ગયા.

એ બંને તો ગયા, પણ મારાં મન-હૃદયમાં વેદના અને ગડમથલ મૂકતા ગયા. હું એમની ફી કેવી રીતે ઊભી કરવી એના વિચારોમાં ખોવાયેલો હતો ત્યારે મને મારી માતૃસંસ્થા લોકભારતી યાદ આવી. હું ત્યાંથી સ્નાતક થયો(૧૯૬૭થી ૧૯૭૦) એ દરમિયાન સંસ્થાએ અમારી પાસેથી માત્ર ભોજનશુઃલ્ક લીધેલું, પણ શિક્ષણ ફી તો અમે શ્રમ કરીએ એમાંથી સરભર થતી. વર્ષમાં ૧૫ દિવસ બધા જ વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્રના પ્રગતિશીલ ખેડૂતોના પરિવારો સાથે તેમના પરિવારના સભ્ય બનીને રહેવાનું રહેતું. વળી, આ શ્રમનો સમયગાળો ચોમાસું પૂરું થયા પછી ખેતીના પાકનાં ખળાં લેવાનો અને શિયાળુ પાકના વાવેતરનો રહેતો. ૧૫ દિવસના સખત શ્રમને અંતે ખેડૂત પરિવાર અમારા શ્રમનું જે વળતર આપે તે જ અમારી શિક્ષણ ફી. કોઈ શ્રીમંત વાલી પોતાના પાલ્ય માટે શ્રમમાંથી મુક્તિ માગે અને ફી ભરી દેવાનું કહે તો એ શક્ય ન હતું. ગમે તેટલા શ્રીમંતનાં દીકરા-દીકરીને પણ શિક્ષણ ફી તો શ્રમ દ્વારા જ મેળવવાની-ભરવાની રહેતી.

અમારા અધ્યાપન મંદિરમાં મારા સિનિયર એવા બે અધ્યાપકો લોકભારતીના સ્નાતક હતા. મેં એમની સાથે અને અન્ય અધ્યાપકો સાથે ચર્ચા કરીને શ્રમ દ્વારા પેલા બન્ને વિદ્યાર્થીઓની શિક્ષણ ફી, છાત્રાલય ફી અને ભોજનશુઃલ્કની રકમ મેળવવાનું નક્કી કર્યું.

શાહપુર ગામમાં ૨૦૦ વીઘા જમીનના માલિક એવા બહુ મોટા ખેડૂત હતા નાથાભાઈ ફડ્દુ. એમણે ૧૫૦ વીઘામાં મગફળી વાવેલી. અમે એમને મળ્યા, કહ્યું,

**'આ ૧૫૦ વીઘાંની મગફળી ખેતરમાંથી ઉપાડતાં કેટલા દિવસ લાગે? કેટલા મજૂરોની જરૂર પડે? મજૂરી ખર્ચ કેટલો થાય? એ શ્રમની રકમ અમને આપશો? અમારે ફી ભરવાની છે...'**

'નાથાભાઈ, આ ૧૫૦ વીઘાંની મગફળી ખેતરમાંથી ઉપાડતાં કેટલા દિવસ લાગે? કેટલા મજૂરોની જરૂર પડે? મજૂરી ખર્ચ કેટલો થાય?'

નાથાભાઈએ દિવસો, મજૂરો અને મજૂરીનો હિસાબ કરીને ખર્ચનો આંકડો અમારી સામે મૂક્યો. અમે એમને કહ્યું, 'નાથાભાઈ, તમે શનિવારની રાત્રે મગફળી કાઢવા માટે રાંપ ચલાવી દો. અમે સવારે તમારા ખેતરે(૨૦૦ વીઘા જમીન એક શેઢે હતી) આવીશું અને બપોર સુધીમાં બધી મગફળીના પાથરા કરી આપીશું. (પાથરા એટલે ઉપાડેલા મગફળીના છોડની નાની નાની ઢગલીઓ). તમે ખર્ચની એ રકમ અંદાજી છે તે અમને આપશો — અમારે એમાંથી બે ગરીબ વિદ્યાર્થીઓની ફી ભરવાની છે.'

અમારા આવા શુભ કાર્ય માટે તેઓ રાજી થયા અને અમે પેલા બન્ને વિદ્યાર્થીનાં પછીનાં ત્રણે સત્રની ફી અને ભોજન લવાજમ જેટલી રકમ મળવાની હતી તેથી આશ્વસ્ત થયા. સાયં પ્રાર્થનામાં બધા વિદ્યાર્થીઓને આખી વાત સમજાવી. બધા વિદ્યાર્થીઓ રવિવારે આ શ્રમ કરવા સંમત થયા અને શ્રમકાર્ય પછી અભ્યાસ પૂરો થયો ત્યાં સુધી જેને માટે શ્રમ કર્યો હતો એ બંનેને ક્યારેય 'અમે તમારા માટે શ્રમ કર્યો હતો' એવું સંભળાવ્યું નહીં. શ્રમના દિવસે તમામ અધ્યાપકો અને સેવકો ખેતર પર હાજર રહ્યા અને તે પણ વળતર રજાની અપેક્ષા વિના!

આ છે લોકભારતીત્વ અને શ્રમ દ્વારા શિક્ષણ!

(ઈ-૯૦૧, સન રે રેસિડેન્સી, કસ્તૂરબા ગાંધી શાકમાર્કેટ સામે, આનંદ મહેલ રોડ, અડાજણ, સુરત ૩૯૫૦૦૯, મો. ૯૪૨૭૭ ૩૮૯૦૭)

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતીની પ્રાથમિકશાળામાં શિક્ષિકા તરીકેની વર્ષો સુધી સેવાઓ પ્રદાન કરનાર સ્વ. શ્રી દિલહરબા પરબતસિંહજી ગોહિલનું તા.૧૦-૦૪-૨૦૨૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના શુભેચ્છક અને ઘરશાળા અધ્યાપન મંદિરમાં વર્ષો સુધી અધ્યાપક તરીકે સેવાઓ આપનાર સ્વ. શ્રી ભારતભાઈ પાઠકનું તા. ૧૫-૦૪-૨૦૨૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના પૂર્વ કાર્યકર અને લોકભારતી અધ્યાપન મંદિરમાં વર્ષો સુધી અધ્યાપક તરીકેની સેવાઓ આપનાર સ્વ. શ્રી ચંપકભાઈ સોનીનું તા.૨૨/૦૪/૨૦૨૨ ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના પૂર્વવિદ્યાર્થી શ્રી ભરતભાઈ અણઘણ(ખીજડિયા)નું તા.૦૫-૦૫-૨૦૨૨ના રોજ નાની વયે અકસ્માતમાં અવસાન થયેલ છે.
- લોકભારતી અધ્યાપન મંદિરમાં વર્ષો સુધી અધ્યાપક તરીકેની સેવાઓ આપનાર સ્વ. શ્રી બાલાભાઈ અરજણભાઈ કોશિયાનું તા.૦૭-૦૫-૨૦૨૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ૦૫. કૃષિ-ગોપાલન અને ગ્રામોત્થાન

### પ્રાકૃતિક ખેતીઃ આત્મનિર્ભર ખેડૂત

વીરાભાઈ બી.ચાવડા

---

આ જગતમાં સર્વ જડ પદાર્થો, પર્ણ-વનસ્પતિજગત, પ્રાણી-પક્ષીઓ એકબીજાને નભાવીને નભે છે. વિશ્વની આ ત્રણેય અવસ્થાઓ પ્રથમ 'આપો અને પછી લ્યો' એ આપ-લેના સિદ્ધાંત મુજબ ન્યાયથી જીવી રહી છે. પરંતુ, જ્યારે માણસ આ પૃથ્વી પર અવતર્યો ત્યારે તેણે આ વ્યવસ્થામાં ગડબડ કરવાનું શરૂ કરી દીધું. પોતાના અંગત સ્વાર્થ અને લાલચ માટે લોકોનું શોષણ કરવાનું ચાલુ કર્યું. સાધન અને સંપત્તિમાં, સંગ્રહ અને સગવડોમાં સુખ શોધવાનું શરૂ કર્યું. ખેતીરૂપી યજ્ઞ દ્વારા સૌ કોઈનું કલ્યાણ કરનારો ખેડૂત, જે રીતે જીવતો હતો તે જીવનશૈલીને - સુખ અને સમૃદ્ધિપૂર્વકની જીવનશૈલીને ઋષિમુનિઓએ બળ આપ્યું. આપણો ઋષિ કૃષિકાર બન્યો. તેઓએ આ જગતને જણાવ્યું કે, 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી.' પરંતુ આજની સ્થિતિ કેવી છે તે આપણે સૌ જાણીએ છીએ. આજે માત્ર ભૌતિક સુખ, સંપત્તિમાં શોધવામાં આવી રહ્યું છે. શ્રમપૂર્વક ઉત્પાદન કરીને સમૃદ્ધિપૂર્વક જીવવાની જીવનશૈલી માત્ર ખેડૂતોને જ નહીં પરંતુ માનવસમાજ માટે, પ્રાણી-પક્ષી, વનસ્પતિ, સૂક્ષ્મ જીવો, હવા-પાણી, માટી સૌ કોઈ માટે શ્રેષ્ઠ અને ટકાઉ છે. વધુમાં વધુ ભૌતિક સાધનો-સગવડો અને સંગ્રહને જ વિકાસ માનનારો આજનો માનવસમાજ બહુ જ મોટા ભ્રમમાં જીવી રહ્યો છે. પરિણામે શોષણ, અરાજકતા, લૂંટ, સંઘર્ષ, રૂપ, ધન, વગેરેની પાછળ પડીને પોતાના જીવનનો અખંડ આનંદ માણવાનું જાણે એ ભૂલી રહ્યો છે.

'આત્મનિર્ભર' શબ્દ આજકાલ ખૂબ ચર્ચામાં છે. જ્યારથી આપણા વડાપ્રધાનશ્રીએ આત્મનિર્ભર શબ્દનો પ્રયોગ કર્યો છે, ત્યારથી આ શબ્દ બધી જ જગ્યાએ સાંભળવા મળે છે. આત્મનિર્ભર ભારત એ તેમનું સ્વપ્ન છે!

મારા મતે આત્મનિર્ભર ભારત બનાવવા માટે સૌથી પહેલાં ખેડૂતોને આત્મનિર્ભર બનાવવા ખૂબ જ જરૂરી છે.

'ભારત ખેતીપ્રધાન દેશ છે.' આ વાક્ય આપણે વર્ષોથી સાંભળતાં આવ્યાં છીએ, આજે પણ ભારત દેશની ૬૦થી ૬૫% વસ્તી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ખેતી સાથે સંકળાયેલી છે. તો પછી ખેતીપ્રધાન દેશના ખેડૂતોની પરિસ્થિતિમાં આઝાદીથી લઈ આજ સુધી કોઈ પરિવર્તન શું કામ નથી જોઈ શકાતું? ખેડૂત ત્યારે પણ સંઘર્ષ કરતો હતો અને આજે પણ મજબૂરી અને લાચારી ભોગવી રહ્યો છે.

આટલો સમૃદ્ધ વ્યવસાય, જેના થકી આ સજીવ સૃષ્ટિ ટકી રહી છે ને જેનાથી ખેડૂતને જગતનો તાત કહેવામાં આવે છે, પણ આ જ જગતતાત આજે ખેતી કરીને અફસોસ કરી રહ્યો છે, ત્યારે કૃષિ સાથે સંકળાયેલા સૌ નિષ્ણાતોની ફરજ છે કે એમને સાચી રાહ બતાવીએ અને એમને આત્મનિર્ભર કરવા માટે પ્રયત્નો કરીએ.

આજે શિક્ષકનો દીકરો શિક્ષક, વકીલનો દીકરો વકીલ તેમ જ ડૉક્ટરનો દીકરો ડૉક્ટર બનવા માંગે છે. કંપનીના માલિકનો દીકરો કંપની સંભાળે છે. જ્યારે ખેડૂતનો દીકરો પોતાના બાપ-દાદાના વારસાગત આટલા સમૃદ્ધ વ્યવસાયને અપનાવવા તૈયાર નથી, શું કામ? કારણ કે આજે ખેતી વ્યવસાય ક્યાંક ને ક્યાંક ખોટનો ધંધો બની ગયો છે.

ખેડૂત વર્ષોથી જે પ્રકારે ખેતી કરતો આવ્યો છે, તે ખેતી પદ્ધતિ ખેડૂતોની આર્થિક કે સામાજિક પરિસ્થિતિમાં

સુધારો કરવાને બદલે આત્મહત્યા તરફ લઈ ગઈ છે. તો તે ખેતી પદ્ધતિ ચોક્કસ ખોટી દિશામાં હોય એવું કહી શકાય.

ભારતની ૬૦થી ૬૫ ટકા ગ્રામીણ વસ્તી ખેતી પર નભે છે. ૨૦૧૭-૧૮ના આર્થિક સર્વેક્ષણ મુજબ ૧૪.૨ કરોડ હેક્ટર જમીન પર ખેતી થાય છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે દેશમાં ૧૧.૮૭ કરોડ ખેડૂત પરિવાર છે. ૨૦૧૩ના નેશનલ સેમ્પલ સર્વેમાં પશુપાલન, મજૂરી અને બિનકૃષિ વ્યવસાય સહિતની દેશના ખેડૂત કુટુંબની સરેરાશ માસિક આવક રૂ. ૬૪૨૬ દર્શાવવામાં આવી છે. એ હિસાબે પાંચ વ્યક્તિના બનેલા ખેડૂત કુટુંબના કોઈ એક સભ્યની સરેરાશ માસિક આવક રૂ. ૧૩૦૦ છે. તાજા સર્વેમાં ૨૦૧૮-૧૯માં માસિક આવક રૂ. ૧૦૨૧૮ છે. આટલી ટૂંકી આવકમાં દેશનો અન્નદાતા જીવન ગુજારતો હોય તે સ્થિતિ અકળાવનારી બનવી જોઈએ.

**ખેતી એક એવો વ્યવસાય છે કે જેની માગ ક્યારેય ઘટવાની નથી કે મંદી આવવાની નથી. વધતી જતી જનસંખ્યાને જોતાં આ માગ ખૂબ વધશે. આ ક્ષેત્રે રોજગારીની ખૂબ તકો રહેલી છે.**

દેશના ખેડૂતોને તેમની ઉપજના વાજબી ભાવ મળતા નથી. ખેત ઉત્પાદન માટે જરૂરી બિયારણ, ખાતર, જંતુનાશકો અને વીજળી-પાણી મોંઘાં છે. નિષ્ફળ જતાં પાક માટે મળતાં વીમા કરતાં વધુ પ્રીમિયમ, સતત વધતું કૃષિઋણ અનેક કારણોથી તંગ આવીને ખેડૂતો ખેતી છોડે છે કે પછી આત્મહત્યા કરે છે. દર કલાકે સો, રોજના ચોવીસસો અને મહિને બોંતેર હજાર ખેડૂતો ખેતી છોડી રહ્યા છે. ૨૦૦૧ની સરખામણીએ ૨૦૧૧ની વસતી ગણતરીમાં ૮૬ લાખ ખેડૂતો ઓછા થયા છે. સામે આ દાયકામાં જમીનવિહોણા ખેતકામદારો ૩.૭૬ લાખ વધ્યા છે. રોજના એકત્રીસ અને વરસે લગભગ સાડા અગિયારસો ખેડૂત આત્મહત્યા કરે છે. પંજાબમાં ૨૦૦૦થી ૨૦૧૭ દરમિયાન ૧૬૬૬૦ અને દેશમાં ૨૦૧૪થી ૨૦૧૮નાં વર્ષોમાં ૫૭૩૪૫ ખેડૂતોએ આત્મહત્યા કરી છે.

ખેતી એક એવો વ્યવસાય છે કે જેની માગ ક્યારેય ઘટવાની નથી કે મંદી આવવાની નથી. વધતી જતી જનસંખ્યાને જોતાં આ માગ ખૂબ વધશે. આ ક્ષેત્રે રોજગારીની ખૂબ તકો રહેલી છે પરંતુ વચેટિયાઓ અને ખાતર-દવા પાછળ થતો વધારાનો ખર્ચ ખેડૂતને આત્મનિર્ભર થવા નથી દેતો. ખેડૂતોએ આ શોષણકારી ચક્રવ્યૂહમાંથી જલ્દી બહાર આવવું પડશે.

જે ખેતીપદ્ધતિથી ખેડૂતો પાયમાલ થયા છે, તે ખેતીપદ્ધતિને ભૂલી અને ઉજ્જવળ ભવિષ્ય અને તંદુરસ્ત સમાજ નિર્માણ કરવા સક્ષમ એવી ખેતીપદ્ધતિ અમલમાં મૂકવાની તાતી જરૂર છે, તે પદ્ધતિ એટલે પ્રાકૃતિક ખેતીપદ્ધતિ...

પ્રાકૃતિક ખેતીપદ્ધતિ એટલે 'ભવિષ્યની પેઢીની જરૂરિયાતોને સંતોષવાની ક્ષમતામાં ઘટાડો કર્યા સિવાય વર્તમાન પેઢીની જરૂરિયાતોને સંતોષે.' આ એક એવી ક્રાંતિકારી ખેતીપદ્ધતિ છે કે જે માનવસ્વાસ્થ્ય, પર્યાવરણ, જમીન, જળ, વૈશ્વિક તાપમાન વૃદ્ધિ જેવી અનેક વૈશ્વિક સમસ્યાઓનું સમાધાન કરી ખેડૂતને ખરા અર્થમાં આત્મનિર્ભર બનાવી શકે છે.

આજે ભારતમાં અને ખાસ ગુજરાતમાં હજારો ખેડૂતો પ્રાકૃતિક ખેતીપદ્ધતિ અપનાવી આર્થિક અને સામાજિક રીતે સદ્ધર થયા છે અને સાથે સાથે ઝેરમુક્ત ખોરાક આપીને લોકોને જીવનદાન આપવાનું પુણ્યનું કામ કરી રહ્યા છે.

(અધ્યાપક, લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય
મો. ૯૯૨૪૨૪૭૧૪૬
email-vbchavdaahir@gmail.com)

## ૦૬. અભિવ્યક્તિ

### લોકભારતીના લોક-૧

અશોકપુરી ગોસ્વામી

---

મનસુખ સલ્લા એ આમ તો લોકભારતી સંશોધન કેન્દ્રના પ્રમાણિત બિયારણનો છોડ, જે વૃક્ષ બની શિક્ષણ અને સાહિત્યની છમ્મલીલી બે ડાળ થકી અંદર-બહાર પ્રસરી રહેલ છે. 'જીવતર નામે અજવાળું' રેખાચિત્રનો સંવર્ધિત ગ્રંથ લઈને એ આવે છે, ત્યારે આપણે એમનું સ્વાગત કરીએ.

આ ગ્રંથમાં સમાવિષ્ટ નખચિત્રો લોકભારતી સણોસરા મધ્યેનાં છે. એ સહુ લોકભારતીમાં કશે ને કશે સ્થાન-સ્થળે કે વિભાગમાં સેવારત. તેઓના જીવનકાર્ય થકી પમાતાં અજવાસને લક્ષ્ય કરીને આ વ્યક્તિ-ચિત્રો લખાયાં છે.

સ્મરણલેખમાં સહુથી વધુ ધ્યાનમાં રાખવા જેવી બાબત જો હોય તો તે છે તેના કથકની વિવેકશક્તિની. વિવેકની સાથે ભાષા વિનય ભળે ત્યારે જે પરિણામ મળે તે 'જીવતર નામે અજવાળું'માં સુપેરે જોઈ શકાય છે. યાદ રહે; અહીં મુકાયેલ શબ્દચિત્રો જાગૃત શિક્ષકની લેખણે લખાયાં છે. આ સઘળાં સ્મૃતિચિત્રો કેવળ લખવા ખાતર લખાયાં નથી. મનસુખભાઈ કોઈ એક પાત્ર સાથે સમરસ નથી થતા, પરંતુ દરેક પાત્ર અને પ્રસંગ સાથે એકરૂપ બનીને વાત કરે છે. તેથી વાત મનભર બને છે. વાછંટ, ઝાકળ અને ફોરાંમાં જલત્વ તો છે, છતાં એ ત્રણેમાં જે સૂક્ષ્મફેર છે; તેવો ફરક આ વીસ રેખાચિત્રોના ૪+૧૨+૪ એમ ત્રણ વિભાગમાં જળવાયો છે.

આ સ્મૃતિચિત્રોને એક છેડે એને આ લેખનાર મનસુખભાઈ છે; તો સામે છેડે એનો વાચક છે. અલીભાઈ કલીવાળા કે ડ્રાયવર નરસીભાઈને જે રીતે અહીં ઓળખાવાયા છે તે થકી વાચક કે ભાવક એમને રૂબરૂ મળ્યા વિના પણ ઓળખી શકે તેવા ગજાવાળા બન્યા છે. તેમાંય ડ્રાઈવર નરસી વિજયાબહેનની શોકસભામાં : 'અમારે તો એક ફેફસું ઓછું થઈ ગયું...' તથા 'મનુદાદા કરતાંય અમને વધારે ખોટ પડી...' આ બોલ કોઈ ડ્રાઇવરના ન લાગે તેવા જો બોલાયા હોય તો; એ પ્રભાવ અને પ્રતાપ લોકભારતીના વાતાવરણ અને પાણીનો છે.

અહીં આ લેખાયાં છે વીસ પાણીદાર વ્યક્તિત્ત્વો, જે પૈકી અરધા ઉપર એટલે કે; બાર તો શિક્ષકો છે, તે પૈકીના નાનાભાઈ, ન. પ્ર. બૂચ, મૂળશંકર ભટ્ટ, એ તો ગુજરાતના શિક્ષણ મહર્ષિઓ. સ્વયં તેજે ઝળહળી સમાજને શિક્ષિત/ દિક્ષિત કરતા ગુરુજનો. આ તપસ્વીઓનાં તપ પ્રાચીન ઋષિમુનિ કક્ષાનાં. બાકીના પૈકી સહુ અર્વાચીન શિક્ષણ પદ્ધતિના માહેર. નવી ટેક્નૉલૉજીથી પરિચિત. પણ શિક્ષણ અને સર્મપણમાં એમના પુરોગામીઓ જેવા જ. તો, શિક્ષક નહીં છતાં જેમનું તપ અને સમર્પણ અહીં આલેખાયેલ શિક્ષકો કરતાં જરાય ઊણું કે ઊતરતું નથી, એવા ચાર—અલીભાઈ, બનુબાપુ, માનસિંહ તથા ડ્રાઈવર નરસી જેવા પણ પોતે લોકભારતીના બરના બનીને, રામસેતુમાં પોતાનો પથ્થર મૂકતી ઘેલી ખિસકોલીના જીવ જેવા છે. તેથી કહેવાનું એ બને છે કે માત્ર શિક્ષકો વડે જ આ શિક્ષણ સંસ્થા નથી ઝળહળી. લોકભારતી હજીય ઝળહળે છે તો મશાલ લઈ ઊભેલ મશાલચીઓ થકી, જે અંધારામાં રહી અજવાળું ફેલાવે છે. આ ચાર બિનશિક્ષક પુરુષપાત્રો જેવાં ચાર માતૃત્વ સભરપાત્રો વિજયાબહેન, હંસામાડી, અજવાળીબહેન તથા અરુણાબહેન છે. જે પ્રકારે જુદાં પણ સ્વયં કેળવાઈ કેળવનારાં જીવ છે. આ વીસેવીસેએ જીવન ખરચી દીધું મનુભાઈએ જાગતે જોયેલ સમણાંને સાચું પાડવા. આ નારી-સમર્પણ નાનુંસૂનું નથી, નથી જ.

આ વીસેવીસ વ્યક્તિ વિશેષ અંગે એવું કહેવાનું બને છે કે, કોઈ યુગવર્તી ઘટના કે શકવર્તી ઘટના ઘટવાની હોય ત્યારે કેન્દ્રસ્થ મહામાનવ આસપાસ ઉત્તમ સમર્પિત સહાયકો

સ્વયં ખેંચાઈ આવે. સત્યાગ્રહની લડાઈમાં અનેક નામીઅનામી વ્યક્તિત્ત્વો ગાંધીવિચારમાં ભળી-મળી એક થયા હતા તેવી રીતે, મનુભાઈ અને નાનાભાઈ પાસે આ... એકથી એકવીસ(મનસુખભાઈ પણ એમાં ખરા) વ્યક્તિત્વ આવ્યાં; મળ્યાં અને રસાઈ ગયાં, અલગ ન પાડી શકાય એમ ભળી, મળી અને ઓગળી ગયાં. આ રેખાચિત્રોનો ખીલો, ખૂંટો કે કેન્દ્ર છે લોકભારતી અને તેની ભગિનીસંસ્થાઓ.

**કોઈ યુગવર્તી ઘટના કે શકવર્તી ઘટના ઘટવાની હોય ત્યારે કેન્દ્રસ્થ મહામાનવ આસપાસ ઉત્તમ સમર્પિત સહાયકો સ્વયં ખેંચાઈ આવે છે.**

આ સઘળાં સ્મૃતિચિત્રો લખવા ખાતર લખાયાં નથી. લેખકે વરસો સુધી કરી રાખેલ ટાંચણ, નોંધ કે સાચવવા જેવી ક્ષણો સ્મૃતિ-મંજૂષામાં લાંબો સમય સાચવી તેનો 'પાક' વળ્યે સ-રસ મૂકી આપી તે માટે સલ્લાભાઈને સાધુવાદ. દરેક પાત્રનું વિગતે વર્ણન, જે તે વ્યક્તિની નખશિખ આકૃતિ, વેશભૂષા, ટેવો, લઢણ વીસ રેખાચિત્રોમાં કથનરીતિની એકતા સાથે વર્ણન-વિવિધતા જોવા મળે છે. અહીં કોઈ શબ્દ-કરામત કે શબ્દ-છળ નથી. સ્વસ્થ ગદ્યને ટેકે ઊભેલાં આ વ્યક્તિત્ત્વો નવ્ય પેઢી માટે બોધરૂપ બનશે. મનસુખભાઈ આજીવન શિક્ષક. ઝીણામાં ઝીણેરી વાત-વિગત કલાત્મક રીતે મૂકી જે તે પાત્રનો પરિચય કરાવ્યો છે આપણને.

વ્યક્તિવિશેષનો કયો રંગ ચિત્રમાં ઉપસાવવો... જેથી વ્યક્તિ, વ્યક્તિ ન રહેતાં પાત્ર બને? તેવો પ્રયાસ અહીં થયો છે.

પાત્ર ચરિત્ર બનવા પામે તે માટે સ્વામી આનંદને પ્રેરણાપુરુષ માની મનસુખભાઈ પોતાના શબ્દને કેળવે, તપવે તે માટે શુભેચ્છાઓ.

કોઈપણ ગ્રંથની પ્રસ્તાવના એ તો બંધ ખડકીની ડોકાબારીમાંથી બતાવાતી ઈમારત જેવી હોય છે. અંદરનાને અસલ રૂપે જોવા માટે વાચકે પોતે બંધ ખડકી જેવા પુસ્તકમાં પ્રવેશવાનું હોય છે. આ પ્રસ્તાવના... પ્રસ્તાવના માત્ર એક અધિકૃત ભલામણ ચિઠ્ઠી છે.

(મો : ૯૪૨૭૮૫૭૦૩૭)

નાનકડી એક વાર્તા છે.

એક માણસનું જીવવું ઝેર થઈ ગયું. આશાનું એક નાનકડું કિરણ પણ ક્યાંય નજરે ચડતું ન હતું. એને થયું કે આ જીવનનો અંત લાવ્યે જ છૂટકો. શહેરની વચ્ચેથી રેલવે પસાર થાય ત્યાં જઈને, ગાડી આવે ત્યારે પાટા પર પડતું મૂકવાનો તેણે નિર્ણય કર્યો.

પણ ઘેરથી નીકળતાં બીજો પણ એક સંકલ્પ કર્યો કે, રસ્તામાં જે પણ માણસો મળે તેમાંથી એકાદ પણ જો એના તરફ જોઈને જરાક સ્મિત કરે, એ સ્મિત એના અંતરમાં લગીરે હૂંફ પ્રગટાવે, તો મરવાની યોજના પડતી મૂકીને ઘેર પાછા ફરી જવું.

... હવે એ વાતને ત્યાં રાખીએ. એ માણસનું પછી શું થયું એ જવા દઈએ. પણ એક સવાલ થાય છેઃ એ માણસ ઘેરથી નીકળ્યો પછી, રસ્તામાં કદાચ તમે જ એને સામા મળ્યા હોત તો? બોલો, તો એનું શું થાત? ત્યાંથી ઘેર પાછા ફરવાનું કારણ તમે તેને આપી શક્યા હોત? જરા વિચારી જોજો!

- સુમંત દેસાઈ

## ૦૭. કલાવીથિકા

### ખુદાના નામે શું નથી થતું? – સમજવા જેવી ફિલ્મ 'ખુદા કે લિયે'

સોનલ પરીખ

---

હાલ જ્ઞાનવાપી મસ્જિદ અને કુતુબ મિનાર ચર્ચાઓમાં છે. એને તો જો કે ઐતિહાસિક તથ્યોનો આધાર છે. પણ હિજાબ પ્રશ્ને થયેલા વિવાદે જનતા અને અદાલતોને વંટોળે ચડાવ્યાં. ઉત્તર પ્રદેશ-બિહારની ચૂંટણીઓ વખતે જ આ કેમ થયું એ સવાલ પણ ઊઠ્યો. અરેબિક અબાયસથી માંડી નકાબ, બુરખો, ચદર, દુપટ્ટો, હિજાબ આ બધા શબ્દોનો અર્થ એક જ છે, સ્ત્રીઓનાં મસ્તક અને મુખને છુપાવવાં. પણ ધાર્મિક ફરમાનોની મુશ્કેલી એ છે કે એનું અર્થઘટન યોગ્ય રીતે અને ફરમાન અમલમાં આવ્યું હોય ત્યારની પરિસ્થિતિ સંદર્ભે થતું નથી. એને કારણે જે ઊથલ-પાથલો સર્જાય છે તે, એ ધર્મ બહારના લોકોને તો મુશ્કેલીમાં મૂકે છે પણ જેઓ એ ધર્મ પાળતા હોય તેમને પણ દ્વિધાઓમાં મૂકે છે.

મુસ્લિમોમાં પણ પ્રગતિશીલ અને રુઢિવાદી બન્ને પ્રકારના મુસ્લિમો છે અને એ બે અંતિમોની વચ્ચે પણ અનેક સ્તરો છે. ૨૦૦૭ની પાકિસ્તાની ફિલ્મ 'ખુદા કે લિયે' પ્રગતિશીલ મુસ્લિમોના જીવનમાં આવતાં ઝંઝાવાતો બતાવે છે. આવા મુસ્લિમોને માટે તકલીફ એવી છે કે તેઓ અન્ય મુસ્લિમોની જેમ દુનિયાની નજરમાં તો શંકાસ્પદ રહે જ છે, પણ એમને પોતાના સમુદાયમાં પણ શંકાની નજરે જોવાય છે.

પાકિસ્તાની ફિલ્મોને આપણે ત્યાં ઘણા વખત સુધી દેશવિરોધી માનવામાં આવતી અને પ્રતિબંધિત કરાતી. ધીરેધીરે પડોશી દેશ સાથે સંબંધ સુધારવાના એક પ્રયત્ન તરીકે પાકિસ્તાની ફિલ્મો અને કલાકારોનો સ્વીકાર થવા લાગ્યો. આપણી ફિલ્મોમાં પણ આતંકવાદીઓથી લઈ નિર્દોષ અને અન્યાયનો ભોગ બનતા મુસ્લિમોની વાત આવતી રહેતી હોય છે. જો કે કેટલીક વાર એમાં અતિરેક પણ હોય છે.

'ખુદા કે લિયે'નો અર્થ 'ઇન ધ નેઈમ ઑફ ગૉડ' એવો લખવામાં આવ્યો હતો. એટલે કે ખુદાને ખાતર નહીં, પણ ખુદાના નામે. બન્નેમાં ઘણો ફરક છે. આ ફિલ્મમાં પાકિસ્તાનમાં રહેતા બે સંગીતકાર યુવાનો મન્સૂર અને સરમદની કહાણી હતી. બન્ને ભાઈઓ છે. એમનો પરિવાર લાહોરનો અગ્રગણ્ય અને પ્રગતિશીલ છે. ઘર આંગણે ચુસ્ત મુસ્લિમોના વિરોધ છતાં આ બન્ને ભાઈઓ સંગીત-કારકિર્દીના શિખરે છે અને અમેરિકા જઈ વધુ શીખવા માગે છે. સંયોગ એવા બને છે કે નાનો ભાઈ સરમદ ધર્મચુસ્ત મૌલાના તાહિરીના સંપર્કમાં આવે છે. ધીરે ધીરે એના જીવનમાંથી સંગીતની બાદબાકી થાય છે અને તે દાઢી અને પરંપરાગત પોષાક ધારણ કરી પરિવારથી જુદો પડી જાય છે. મન્સૂર પોતાનું સંગીતસ્વપ્ન પૂરું કરવા અમેરિકા જાય છે.

આ બન્નેના કાકા હુસેન બ્રિટનમાં રહે છે. વિધુર થયા પછી હુસેને એક ગોરી સ્ત્રી સાથે લગ્ન કર્યાં હતાં. એ સ્ત્રી છૂટાછેડા અને બધી કમાણી લઈ ચાલી ગઈ. આ અનુભવ પછી એણે લગ્ન વગર બીજી એક ગોરી સ્ત્રી સાથે રહેવા માંડ્યું છે. દીકરી મેરી(મરિયમ) કૉલેજમાં ભણે છે. મેરી એક ગોરા યુવાન ડેવના પ્રેમમાં છે એ જાણી હુસેન પર ઈસ્લામ સવાર થાય છે - છોકરી બિનમુસ્લિમને પરણશે? મજહબનું શું? આ બાજુ બ્રિટિશ માહોલમાં દીકરી પર દબાણ કરવું પણ મુશ્કેલ છે. હુસેન દીકરીને કહે છે, 'પાકિસ્તાન જઈ ભાઈના પરિવારને મળી આવીએ, પછી હું તારા ગોરા મિત્રને મળીશ.' એનો વિચાર ભાઈના બે દીકરા મન્સૂર અને સરમદમાંથી એકના મેરી સાથે નિકાહ કરાવી દેવાનો છે.

મન્સૂર આવી છેતરપિંડીમાં સામેલ થવાની ચોખ્ખી ના પાડે છે. પણ મૌલાનાની સલાહથી ખુદા અને મજહબ ખાતર સરમદ મેરી સાથે નિકાહ કરવા તૈયાર થાય છે. અજાણ મેરી તો પાકિસ્તાન અને ત્યાંના ગામડાં જોતી, સગાઓને મળતી, ક્યારેક અકળાતી તો ક્યારેક સમજવા પ્રયત્ન કરતી બધાને નિર્દોષભાવે મળતી હોય છે. હુસેન એને અફઘાન સરહદના એક ગામડામાં મોકલે છે અને ત્યાં બળજબરીથી સરમદ સાથે એના નિકાહ કરાવી લંડન ચાલ્યો જાય છે. મેરી ભાગવાની કોશિશ કરે છે, પણ પકડાઈ જાય છે. 'ઉસકી ગોદ મેં બચ્ચા ડાલ દો, ફિર કહીં નહીં ભાગેગી' એવી મૌલાના તાહિરીની સલાહથી સરમદ મેરી પર બળજબરી કરતો રહે છે. મેરી સગર્ભા થાય છે અને દીકરીને જન્મ આપે છે.

**પ્રગતિશીલ મુસ્લિમોને માટે તકલીફ એવી છે કે તેઓ અન્ય મુસ્લિમોની જેમ દુનિયાની નજરમાં તો શંકાસ્પદ રહે જ છે, પણ એમને પોતાના સમુદાયમાં પણ શંકાની નજરે જોવાય છે**

દરમ્યાન શિકાગોની મ્યૂઝિક સ્કૂલમાં ભણતો મન્સૂર અમેરિકન જેનીના પ્રેમમાં પડે છે. બન્ને લગ્ન કરે છે એ જ દિવસે અમેરિકાના ટ્વિન ટાવર પર હુમલો થાય છે. એફ.બી.આઈ. શંકાસ્પદોને પકડવા ફરી વળે છે અને પાકિસ્તાની બેકગ્રાઉન્ડ પરથી મન્સૂરને પકડી ડિટેન્શન કેમ્પમાં લઈ જાય છે.

અહીં જરા ઇતિહાસને યાદ કરીએઃ આ હુમલો ૨૦૦૧માં થયો હતો. અલ કાયદાએ કુલ ચાર એટેક કર્યા હતા. બે હુમલા આત્મઘાતી બૉમ્બર વિમાનોએ વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ટ્વિન ટાવર પર કર્યા. ત્રીજું વિમાન પેન્ટાગોન ગયું. ચોથું વૉશિંગ્ટન ડીસી પર હુમલો કરવાનું હતું, પણ એ પૅન્સિલવેનિયા નજીક એક ખેતરમાં તૂટી પડ્યું. હુમલા પછી ૭૫૦ જેટલા શંકાસ્પદ માણસોને ગ્વાન્ટાનામોમાં બે ડિટેન્શન કેમ્પમાં લાવવામાં આવેલા. કાયદાઓને નેવે મૂકી ધરપકડો પણ થઈ અને અમાનવીય ટૉર્ચર પણ. અમેરિકાના જ માનવ અધિકારવાદીઓએ આનો વિરોધ કરેલો. જ્યૉર્જ બુશના સમયમાં આ ગ્વાન્ટાનામો કૅમ્પ સ્થપાયા. ઓબામાએ એને બંધ કરવાનું વચન આપેલું પણ એમ થયું નહીં. માત્ર કેદીઓની સંખ્યા ઘટીને ૪૧ની થઈ શકી. તો આ કૅમ્પમાં મન્સૂર પર એક વર્ષ સુધી અમાનુષી અત્યાચાર થાય છે. એના શરીર અને મગજને કાયમી નુકસાન થયા પછી કશું સાબિત ન થતાં એને છોડી લાહોર પહોંચાડાય છે.

સરમદના પિતા મેરીને શોધી કાઢી લાહોર લઈ આવે છે. મેરી હુસેન અને સરમદ પર કેસ કરે છે. હુસેન અને એની ગોરી મિત્ર બ્રિટનથી લાહોર આવે છે. મેરી પિતાનું મોં પણ જોવા તૈયાર નથી. મૌલાના તાહિરીની સલાહથી એક કેસ દીકરીની કસ્ટડી માટે મેરી વિરુદ્ધ થાય છે. બન્ને કેસ સાથે સાથે ચાલે છે.

અહીં મૌલાના વલી(નસિરુદ્દીન શાહ)નો કૉર્ટમાં પ્રવેશ થાય છે. વકીલ ઈસ્લામ મુદ્દે એનું માર્ગદર્શન માગે છે. આ સંવાદો ઈસ્લામ પર સારો પ્રકાશ ફેંકે છે. એ કહે છે,

'મૌલાનાએ જિન્સ પહેરનાર સરમદને મુસ્લિમ હુલિયો ધારણ કરાવ્યો એમ તમે કહ્યું. લિબાસને અને મજહબને શો સંબંધ? જે ધર્મ દુનિયાને શીખવવા પેદા થયો હોય તે યુનિફૉર્મનો આગ્રહ રાખે? ને આપણે પણ એવા નાદાન કે અલાસ્કા અને ન્યૂઝિલેન્ડમાં પણ જે ઈસ્લામ અપનાવે તેને કહીએ કે મજહબ તો પછી શીખવાશે, પહેલા સલવાર પહેરો અને એ એડીથી ઊંચી રાખો? આવું જ દાઢી માટે નથી?'

'દાઢી તો આપે પણ રાખી છે.'

'રાખી છે, પણ મારી મરજીથી. કોઈના હુકમથી નહીં. કોઈએ મારા પર દાઢી ઠોકી બેસાડી નથી. દીન(ધર્મ) મેં દાઢી હૈ, દાઢી મેં દીન નહીં. દાઢી ઈશ્ક કા આગાઝ(શરૂઆત) નહીં, ઈન્તેહાં(આખરી હદ) હૈ, બેટે. ઈશ્ક જબ ઈન્તેહાં કો છૂ લેતા હૈ તો આશિક કા જી ચાહતા હૈ કિ વો ભી અપને મહેબૂબ જૈસા બન જાયે. કહીં હમ

ગલતી તો નહીં કર રહે હૈં કિ આશિક કા પહલા કદમ ઈશ્ક કી આખિરી સીડી પર રખવા રહે હૈં? લાંબી દાઢી રાખનાર ને ત્રણચાર હજ કરી આવેલા મુસ્લિમો સ્મગલિંગ કરતા દેખાય છે. કેમ કે જોર દાઢી અને સલવાર પર છે, ધર્મ પર નથી. પહેલે અંદર આગ લગાઓ, ફિર ખુદ-બ-ખુદ વો બાહર આયેગી. બાકી તો આમ જ ચાલશે. ઈસ્લામ યા જિન્સ અને ઈસ્લામ યા મૌસિકીમાંથી 'યા' કાઢી નાખો. ઈસ્લામની સૌથી વધુ સેવા કરનારા ઝીણા કે ઈકબાલને દાઢી નહોતી અને તેઓ કોટપાટલૂન પહેરતા.'

'સ્ત્રી બીજા ધર્મમાં લગ્ન કરે તો એને મજહબની બહાર કાઢવી જોઈએ?'

'કુરાન સ્ત્રીને મજહબની બહાર લગ્ન કરવાની પરવાનગી આપે છે; પણ કુરાન એમ પણ કહે છે કે એમ ન થાય તો સારું, કારણ ખુદાને એ પસંદ નથી. પણ ખુદાને તો શરાબ અને જૂઠ પણ પસંદ નથી. શરાબીઓ અને જૂઠાઓને તો આપણે ધર્મની બહાર કાઢતા નથી.'

'પિતાને પોતાની મરજી પ્રમાણે દીકરીને પરણાવવાનો અધિકાર છે?'

'છે. પણ ફક્ત પોતાની મરજીથી ન પરણાવી શકે. હદીસ કહે છે કે કન્યાઓને પોતાનો વર પસંદ કરવાનો હક છે. પરાણે પરણાવેલી દીકરીઓને પયગંબરોએ આઝાદ કરી હોય એવા અનેક દાખલા છે.'

'ઈસ્લામમાં મૌસિકી(સંગીત) હરામ છે...'

'લાખો પયગંબરોમાંથી જે ચાર મુખ્ય ગણાયા છે અને પુજાયા છે એમાંના એક દાઉદને ખુદાએ મૌસિકીનું વરદાન આપ્યું હતું. એ એવું બંદગી-ગાન ગાતો કે પહાડો ડોલી ઊઠતા. મૌસિકી હરામ કૈસે હુઈ?'

'તો મેરી અને સરમદના કેસ વિશે આપનો શો મત છે?'

'મેરીના પિતા અને મૌલાના તાહિરી આ બન્ને ગુનેગાર છે.'

પછી તો સરમદને પણ પોતાની ભૂલ સમજાય છે. એ આંખમાં આંસુ સાથે અદાલતમાં કહે છે, 'હું જિન્સ પહેરતો ને સંગીતની સાધના કરતો ત્યારે વધારે સારો માણસ હતો. શરાબ-સિગરેટથી દૂર હતો, કોઈને છેતરતો નહોતો. ઈસ્લામના નામે હું કેવાં ખોટાં કામ કરી બેઠો! મેરીની બાબતમાં મેં જે કર્યું તે માટે મને આકરામાં આકરી સજા કરજો, જેથી બીજું કોઈ એવો અપરાધ ન કરે.'

અને અંત -અંત જો કે આકસ્મિક છે, પણ જડ રુઢિઓને યુવાન પેઢી જ સુધારી શકશે એવો સંદેશ આપે છે. ફિલ્મના અંતે સરમદ જિન્સ પહેરી મસ્જિદમાં જાય છે અને બાંગ પોકારે છે. મન્સૂર ભાંગેલાં શરીર-મન સાથે લાહોરમાં એના પરિવારમાં છે અને એની હાલતમાં સુધારો થઈ રહ્યો છે. મેરી ઈંગ્લેન્ડ ડેવ પાસે જવા મુક્ત છે, પણ એરપોર્ટ પરથી એ પાછી ફરી જાય છે, ડેવ જેની રાહ જુએ તે મેરી હું નથી રહી અને પેલા અફઘાન ગામડામાં જઈ સ્કૂલ ખોલે છે.

મુસ્લિમ સ્ત્રીઓનું પુરુષો દ્વારા થતું શોષણ, વિદેશવાસી મુસ્લિમ વાલીઓનાં બેવડાં ધોરણ, ઈસ્લામનો હવાલો દઈ આચરવામાં આવતી ક્રૂરતા, બિનઅનુભવી યુવાનોના કાનમાં ખુદાના નામે રેડવામાં આવતી ઝેરી ઉશ્કેરણી આ દરેક સમસ્યા ફિલ્મની વાર્તામાં વણાઈ છે અને દરેકને પૂરતો, વિચાર કરવા પ્રેરે એવો અવકાશ મળ્યો છે. શિકાગો અને પાકિસ્તાનમાં બનતી ઘટનાઓનું જક્સટાપોઝિશન અદભુત છે. મન્સૂર પાસે એમને જોઈએ છે તેવા શબ્દો કઢાવવા જુલમો કરતા અધિકારીઓ અને બ્રિટનમાં ઉછેરેલી દીકરીને ધૂળિયા ગામડામાં પરણાવતાં ન અચકાતો અને પોતે તો 'ટોયલેટ ફાવતાં નથી' કહીને તરત ચાલ્યો જતો પિતા એક જ માટીના બનેલા દેખાય છે. આ માટી જ દરેક જગ્યાએ માણસને નડી છે ને નડે છે.

અંત એક એ પ્રશ્ન પણ છોડી જાય છે કે જેને માટે આ બધું કહેવાયું છે એમના કાન સુધી કેટલું પહોંચ્યું? ફિલ્મ જોઈ બૂરાઈના દ્વાર પરથી કોઈ પાછું ફર્યું? જેની જે પણ ગણતરી હોય, જેનાં જે પણ હિત હોય, ધર્મનું નામ જે પણ હોય — પણ ધર્મને રાજનીતિ બનાવીશું કે જીવનશૈલી, નક્કી આપણે જ કરવાનું છે અને પરિણામ પણ આપણે જ ભોગવવાના છે.

## ૦૮. યુવાસૂઝ

### સાયકલ મારી સરરર જાય... સૂર્યશક્તિથી!

સંકલિત

---

વડોદરાની ઝેનિથ હાઈસ્કૂલનો ૧૨મા ધોરણમાં ભણતો નીલ શાહ સાયકલ પર આવ-જા કરે છે, પણ એની સાયકલ ખાસ છે. આ સાયકલ સૂર્યશક્તિ અને વૈકલ્પિક ડાયનેમો એમ બે પ્રકારની ઊર્જાથી ચાલે છે. આ સોલાર બાયસિકલ ચાલતી રાખવા માટે એક પૈસાનો ખર્ચ નથી થતો. અને તેને બનાવવા માટે તેણે નકામી ચીજોનો ઉપયોગ કર્યો છે.

એની ઉંમરના બીજા વિદ્યાર્થીઓ કંઈ પણ કરે તો તેની પાછળ કૅરિયર અને નોકરીનો વિચાર હોય. નીલના મનમાં કૅરિયર નથી એમ નથી, પણ એનું સર્જનાત્મક મગજ એનાથી આગળ પણ વિચારી શકે છે.

'હું નાનો હતો ત્યારથી મને વિજ્ઞાન ગમતું. ખાસ કરીને એના સિદ્ધાંતો સમજવા ખૂબ ગમતા. એ સિદ્ધાંતો ક્યાં અને કેવી રીતે કામ કરે છે એ જોવા-સમજવાનું ખૂબ ગમે. સૂર્યઊર્જા પર તો હું ખુશ છું. આટલી વિપુલતાથી અને સહેલાઈથી મળતી કુદરતી સૂર્યશક્તિના કેવા વિવિધ ઉપયોગ છે!'

સાતમા ધોરણમાં હતો ત્યારે નીલે એકલા હાથે પ્લાસ્ટિલ બૉટલ અને એવી નકામી ચીજોમાંથી હૅલિકૉપ્ટર બનાવીને એની સ્કૂલની 'બેસ્ટ આઉટ ઑફ ધ વેસ્ટ' સ્પર્ધા જીતી લીધેલી. વિજ્ઞાનમાં રસ હોવાને કારણે દસમા પછી વિજ્ઞાન પ્રવાહ લીધો. તેના ફિઝિક્સના શિક્ષક સંતોષ કૌશિકે તેને ખૂબ પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યાં. તેઓ એને નવા પ્રયોગો કરવા, નવી રીતે વિચારવા પ્રેરે એવા મુદ્દાઓ આપતા અને પછી એનું પરિણામ શું ને કેવી રીતે આવ્યું તે ચર્ચતા.

સૂર્યશક્તિમાં બન્નેને અખૂટ રસ હતો. તેના પર થતી રહેતી ચર્ચાઓને લીધે નીલ તેના પ્રયોગો કરવા પ્રેરાતો અને કંઈ કંઈ કર્યા પણ કરતો. ઘરમાં વધતા જતા પેટ્રોલના ભાવની અને ઈલેક્ટ્રિક બિલની ચર્ચાઓ થતી અને સામાન્ય માણસની હેરાનગતિ તેને સમજાતી. તેની નજર સામે વૈકલ્પિક ઊર્જા તરીકે સૂર્યશક્તિ ચમકી જતી. કંઈક કરવું તો જોઈએ. પણ શું કરવું?

અને તેને સોલાર બાયસિકલ બનાવવાનો વિચાર આવ્યો. એવી સાયકલ જેને ચલાવવાનો કોઈ ખર્ચ નથી, જેના પર લાંબુ અંતર કાપતાં થાક લાગતો નથી, જેને ચલાવવાથી હાનિકારક કાર્બન છૂટતો નથી, અને એક સાદી સાયકલને સોલાર બાયસિકલ બનાવવા લાગતાં ઉપકરણોનો ખર્ચ માત્ર ૩૦૦ રૂપિયા થાય છે!

પિતા હમણાં જ નિવૃત્ત થયા હતા. નીલે એમને કહ્યું કે પોતે આવો પ્રયોગ કરી જોવા માગે છે ત્યારે તેઓ આનંદ પામ્યા. એમને વિચાર ગમી ગયો હતો. તેમણે નીલને એક સ્થાનિક વેપારી પાસેથી સેકન્ડ હેન્ડ ઈ-બાઇક લાવી આપી. પહેલો પ્રયોગ હતો. નિષ્ફળ પણ જાય.

નીલ બે ૧૦ વૉટની સોલાર પેનલ લાવ્યો. સાથે ૨ વૉલ્ટની બેટરીઓ અને એક ડાયનેમો. બધું મળીને ૧૨,૦૦૦નો ખર્ચ થયો. થોડા મહિનાઓમાં ઈંધણનો કોઈ ખર્ચ ન થવાથી એટલા રૂપિયા બચી ગયા, ખર્ચ સરભર થઈ ગયો.

ડાયનેમો ટાયર સાથે જોડાય છે અને પૈડાની ગતિશક્તિને વિદ્યુતઊર્જામાં રૂપાંતરિત કરે છે. એનો અર્થ એ કે સોલાર પેનલ દિવસ દરમ્યાન સાયકલને ચાર્જ કરશે અને રાત્રે ડાયનેમો કામ આપશે, કોઈ ખર્ચ વિના.

સૂર્યનો તાપ બરાબર હોય તો એ આઠ કલાકમાં ચાર્જ

થઈ જાય છે. સાયકલ ચાલતી હોય ત્યારે પણ ચાર્જિંગ થતું રહે છે. આ ચાર્જ ૧૫ કિલોમીટર સુધી ચાલે છે. 'પેનલ્સ અને બેટરીની ક્ષમતા વધારો તો તે વધારે અંતર કાપે.' નીલ કહે છે.

આ મોડેલને કાર્યાન્વિત કરતાં નીલને લગભગ એક મહિનો લાગ્યો. નીલ કહે છે કે રિસર્ચમાં મને એનાથી અડધો સમય માંડ લાગ્યો હતો. સાયકલનું આ 'રિનોવેશન' મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના સિદ્ધાંતો પર આધારિત હતું, જે એના શાળાકીય શિક્ષણની ક્ષિતિજોની બહાર હતા.

'અને એવું પણ નથી કે મારે આ વિષયમાં કારકિર્દી બનાવવી છે. કારકિર્દી તો હું ફિઝિક્સમાં બનાવીશ અને પીએચ.ડી. થઈશ. પણ, આ પ્રોજેક્ટે મને જીવનને લગતાં કૌશલ્યો શીખવ્યાં છે. હવે મને આસપાસના લોકોને વધુ ઉપયોગી થાય, એમનું જીવન વધારે સરળ બનાવે એવી બાબતો શોધવામાં હંમેશાં રસ રહેશે.' નીલ કહે છે.

**-અને તેને સોલાર બાયસિકલ બનાવવાનો વિચાર આવ્યો. એવી સાયકલ જેને ચલાવવાનો કોઈ ખર્ચ નથી, જેના પર લાંબુ અંતર કાપતાં થાક લાગતો નથી, જેને ચલાવવાથી હાનિકારક કાર્બન છૂટતો નથી...**

આમ ૧૮ વર્ષના નીલ શાહે સાયકલને સૂર્યશક્તિથી ચાલતી કરી. આ પ્રોજેક્ટને પ્રોડક્ટ તરીકે બજારમાં મૂકવાનો એનો કોઈ ઈરાદો નથી. અત્યારે તો એ પોતાની શોધેલી પદ્ધતિથી બનેલી સાયકલ લઈને રોજ શાળામાં અને અન્ય જગ્યાએ આવજા કરવાની મઝા લે છે.

(સ્રોતઃ ઈન્ટરનેટ)

એક વાર હું બજારમાં ધાબળો લેવા ગયો. એક બાઈ ધાબળા લઈને બેઠી હતી. એણે ભાવ કહ્યો, 'દોઢ રૂપિયો.' મેં કહ્યું, 'કેવી રીતે?' 'વણવાનો ખર્ચ, ઘેટાં ઉછેરવાનો ખર્ચ બધું ગણ જોઈએ.' તેને નવાઈ લાગી કે આ માણસ આવું બધું શા માટે પૂછે છે. પછી તેણે બધું કહ્યું. મેં હિસાબ કરીને કહ્યું, 'જો બાઈ, આ ધાબળો ઓછામાં ઓછા પાંચ રૂપિયાનો થાય. તું દોઢ રૂપિયામાં કેવી રીતે વેચે છે?' એ મારી સામે જોતી જ રહી ગઈ, કહેવા લાગી, 'પાંચ રૂપિયા કેવી રીતે માગું? દોઢ રૂપિયો કહું છું તો ય લોકો કહે છે કે સવા રૂપિયામાં આપ.' મેં ધાબળો ખરીદી લીધો અને તેને પાંચ રૂપિયા આપ્યા.

આશ્રમમાં થોડાં બાળકો સૂતર કાંતવા આવતાં. ત્રણ-ચાર આના કમાઈ લેતાં. એ દિવસોમાં મજૂરોને બે-સવાબે આના મજૂરી મળતી. મેં બાળકોને કહ્યું, 'તમને ત્રણચાર આના મળે છે ને, તો એવું કરો કે વરસાદમાં ઘાસ વેચવા આવતી બાઈઓ પાસેથી બે આનામાં ભારો ખરીદી લો.'

બાળકો તો બજારમાં પહોંચ્યાં. ઘાસ વેચવાવાળી ત્રણ પૈસામાં ભારો વેચતી હતી. ગ્રાહકો બે પૈસામાં માગતા હતા. બાળકો કહેવા લાગ્યાં, 'ઘાસની કિંમત તો બે આના છે.' ગ્રાહક બોલ્યો, 'બહુ ચગ્યાં છો કે? આટલા ભારાના બે આના કોણ આપશે?' બાળક બોલ્યો, 'હું જ આપીશ.' અને તેણે ખરેખર બે આનામાં ભારો ખરીદી લીધો.

- વિનોબા

## નિષ્ઠાવાન શિક્ષક : ચંપકભાઈ

પ્રવીણચંદ્ર ઠક્કર

---

૨૨ એપ્રિલ, ૨૦૨૨ના દિવસે પંચમહાભૂતમાં વિલીન થઈ ગયેલા અધ્યાપન મંદિરના એક સંનિષ્ઠ અધ્યાપક ચંપકભાઈ સોનીની જીવનયાત્રા એક પ્રેરણાકથા સમાન છે.

ચંપકભાઈનું મૂળ વતન અમરેલી જિલ્લાનું નાનકડું ગામ ધામેલ. ઝમરાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવી ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાંથી માધ્યમિક શિક્ષણ સંપન્ન કર્યું. લોકભારતીમાં મુખ્યવિષય પશુપાલન સાથે કૃષિ સ્નાતક થયા. રાજપીપળામાંથી ડી.બી.એડ્. અને ભાવનગર યુનિવર્સિટીમાંથી એમ.એડ્. પદવી પ્રાપ્ત કરી. લોકભારતી અધ્યાપન મંદિરમાં અધ્યાપક તરીકે ૧૯૬૯થી ૨૦૦૬ સુધી તેમના ૩૭ વર્ષના યશસ્વી કાર્યકાળની વિશેષતાઓનું આપણે આલેખન કરીએ.

૧.દૃષ્ટિ સંપન્ન અધ્યાપક :

તેઓ કૃષિના સ્નાતક, અધ્યાપનમંદિરમાં એમને ગુજરાતી ભાષા શિક્ષણ વિષયનું અધ્યાપન કરાવવાનું. લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયમાં દર્શક, નટવરલાલ બુચ, યોગેશભાઈ ભટ્ટ, મનસુખભાઈ સલ્લા, ભરતભાઈ ભટ્ટ જેવા ભાષા–સાહિત્યના સમર્થ અધ્યાપકો વર્ગખંડની અંદર અને બહાર વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કરી દેતા હોય ત્યારે અધ્યાપન મંદિરમાં પણ આ પરિપાટી જાળવી રાખવા ચંપકભાઈ કૃતસંકલ્પ થયા. તેમને યુવાવસ્થાથી ગુજરાતી, હિન્દી, સંસ્કૃત સાહિત્યમાં ઊંડા રસ–રુચિ. સંસ્થાના વિશાળ ગ્રંથાલયમાં નિયમિત જઈને ઉમાશંકર જોષી, દર્શક, પન્નાલાલ, ગુણવંત શાહ, મકરંદ દવે, જુ'કાકા, જેવા સાહિત્યસ્વામીઓના ગ્રંથોનું અધ્યયન કરવા લાગ્યા. પરિણામસ્વરૂપ તેઓ વિષયના ઊંડાણ અને રસાળ–રોચક શૈલીને કારણે ટૂંક સમયમાં પ્રભાવી અધ્યાપક તરીકે નામના મેળવી શક્યા. તેમની વિષય તજજ્ઞતાના ફલસ્વરૂપ ગુજરાત પાઠ્યપુસ્તક મંડળે ઘણા વર્ષો સુધી તેમની સેવાઓ મેળવેલી.

૨. વિશેષ વર્ગો માટે સમયની ફાળવણી :

કેટલાક વિદ્યાર્થીઓ અછાંદસ કવિતાઓ લખે. તેમને છંદશાસ્ત્ર, શિખરિણી, પૃથ્વી, વસંતતિલકા જેવા અક્ષરમેળ, માત્રામેળ છંદોનું શિક્ષણ આપવા તેઓ વધારાના વર્ગોનું આયોજન કરે. આ ઉપક્રમમાંથી જ ઉભરતા ગયા છે જીતુ ચુડાસમા જેવા કવિઓ.

૩. બાલવાડી શિબિરના શિલ્પી :

લોકભારતીમાં બાલશિક્ષણમાં ઊંડાણ લાવવા દર વર્ષે તાલીમાર્થીઓ માટે સાતેક દિવસની બાલવાડી શિબિર યોજાય. આ ગાળા દરમિયાન બાલગીતો, વાર્તાઓ, નાટકો, રમતોનું સઘન આયોજન થાય. ચંપકભાઈ તેમાં પૂરેપૂરા ઓતપ્રોત. નૂતન બાલશિક્ષણ સંઘના સ્થાપક–પ્રમુખ જયંતભાઈ શુકલથી માંડી અનેક તજજ્ઞોનો સંપર્ક કરે, નિમંત્રે અને કાયમી સંબંધ જાળવી રાખે. સંસ્થાએ એક બાલગીતોના સંગ્રહ માટે બાલગુંજન પુસ્તકનું સંપાદન કરવા નિર્ણય કરેલ ત્યારે તેમણે અસંખ્ય ગીતો શોધી આપેલાં.

૪. સંવેદનશીલ–વત્સલ ગૃહપતિ :

દર્શકની દૃઢ માન્યતા હતી કે નિવાસી શિક્ષણ સંસ્થામાં વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતર, ગુણસંવર્ધન માટે પર્યાપ્ત, દૃષ્ટિવાન ગૃહપતિઓ હોવા જોઈએ. તેમણે તત્કાલીન મુખ્યમંત્રી ચિમનભાઈ પટેલને ભારપૂર્વક રજૂઆત કરેલી. તેમણે મહાવિદ્યાલયમાં માત્ર એક ગૃહપતિની મંજૂરી આપી. અન્યવિભાગોમાં કોઈ જોગવાઈ નહીં. ટ્રસ્ટ પોતાના ખર્ચે નિમણૂંક આપે તેવી કોઈ શકયતા નહીં. આ સંજોગોમાં સંસ્થા જે ઉત્તમ અધ્યાપક હોય તેમને સ્વૈચ્છિક ધોરણે ગૃહપતિ તરીકે કામગીરી સોંપે. ચંપકભાઈએ આ પદ ઉપર રહીને વિદ્યાર્થીઓના હૃદયમાં અનન્ય સ્થાન મેળવી લીધેલ. લોકભારતીના ગૃહપતિ એટલે સવારે વિદ્યાર્થીને જગાડનાર, નાસ્તો–ભોજન સમયે હાજર રહેનાર, રાત્રે હાજરી

પૂરનાર, માત્ર સ્થૂળ ક્રિયાઓ કરનાર નહીં. તેણે માયાળુ માતાપિતાની ભૂમિકા ભજવવાની.

છાત્રાલય નજીક ચંપકભાઈનું નિવાસસ્થાન. તાલીમાર્થીઓ ગમે ત્યારે ઘેર આવે. ભૂખ લાગી હોય તો રસોડામાં જ્યોત્સ્નાબહેન પાસે જઈને નાસ્તો કરી લે, પોતાનું હૈયું ઠાલવે. સમસ્યાઓનું સમાધાન મેળવે. લવાજમ ભરવા માટે નાણાં ન હોય તો તત્કાલ ઉછીનાં મેળવે. નિવૃત્ત થયા પછી પણ તેમનો અનેક વિદ્યાર્થીઓ સાથે પરસ્પર નાતો અકબંધ.

૫. ગીત–સંગીતમાં ઊંડી દિલચસ્પી :

તેઓ શ્રેષ્ઠ કવિઓની ઉત્તમ પદ્યરચનાઓ જિજ્ઞાસાપૂર્વક વાંચે, લયબદ્ધ રીતે ગાવાની પ્રેક્ટિસ કરે. લોકભારતીમાં દરેક ઉત્સવનો પ્રારંભ સુમધુર ગીતથી થાય. તે માટે એક સંગીત ટુકડી, બુચદાદા, મહાલક્ષ્મીબહેન અવરાણીથી માંડી પાંચ–છ અધ્યાપકો અને થોડા વિદ્યાર્થીઓ તેના સભ્યો. ચંપકભાઈ નવી રચનાઓ રજૂ કરે, ચર્ચા થાય. સમયના કોઈ બંધન વિના દિવસો સુધી રિયાઝ થાય. વાર્ષિકોત્સવ જેવા પ્રસંગે ગીત–સંગીતથી મહેમાનો ભાવવિભોર થઈ જાય.

૬. નિષ્કામતા :

વિભાગના કાયમી આચાર્ય દેસુરભાઈ આહિર નિવૃત્ત થયા. સિનિયર અધ્યાપક તરીકે ચંપકભાઈને આચાર્ય તરીકે નિમણૂક માટે સંસ્થાએ દરખાસ્ત કરી પણ તેમને કોઈ સ્પૃહા નહીં. વિનયપૂર્વક અસ્વીકાર કર્યો. વહીવટમાં ખૂંપી જવાથી અધ્યયન–અધ્યાપનની પ્રવૃત્તિ ખોરંભે પડી જવાની પૂરી દહેશત. અન્ય આચાર્યની નિમણૂક થઈ ત્યારે તેમને સચ્ચાઈથી સમર્થન, સહકાર આપતા રહ્યા.

અધ્યાપનમંદિરની વિદ્યાર્થી સંખ્યા વધી જતા બીજા વર્ગ માટે પાલીતાણા પાસે શેત્રુંજી ડેમની પસંદગી થઈ. લોકભારતીથી ૬૦ કિ.મી. દૂર જવાનું. ગૃહસ્થ ચંપકભાઈ કોઈ આનાકાની વગર ગયા અને વર્ષો સુધી સેવાઓ આપી.

આવા સત્ત્વગુણી શિક્ષકની સમર્પણયાત્રાને પરિણામે જ કોઈપણ શિક્ષણ સંસ્થા વિદ્યાર્થીઓના ચિત્તમાં અનન્ય અજવાળાં પાથરી શકે છે. સદ્‌ગતના અમર આત્માને શ્રદ્ધાંજલિ.

(૨૦૨, ઓર્કિડ ફ્લેટ, તસ્કીન સોસાયટી, શુકલ નગર ચાર રસ્તા, સમા, વડોદરા–૩૯૦૦૦૨. મો. ૯૪૨૬૪૬૧૦૯૦)



વાચક મિત્રો, 'કોડિયું' સૌંદર્ય વિશેષાંક (એપ્રિલ-મે ૨૦૨૨)ના મુખપૃષ્ઠ પર મુકાયેલું સુંદર પેઈન્ટિંગ પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જ્યોતિભાઈ માનભાઈ ભટ્ટનું સર્જન છે, તેની નોંધ લેવા વિનંતી.

## સમી સાંજનો રાગ

મનોહર ત્રિવેદી

---

જ્યાં જ્યાં લોકભારતીના કેવળ એક વિદ્યાર્થીએ પોતાના આદર્શો, નિષ્ઠા અને સૂઝબૂઝ સાથે પોતાનું નાનકડું કોડિયું પેટાવ્યું છે, ત્યાં-ત્યાં લોકભારતીની ઝળહળતી લઘુ આવૃત્તિ નીરખવા મળશે. વાત એ જ જયંતીલાલ મોહનલાલ અંધારિયાની છે, જે મારા ગુરુ છે, મિત્ર છે, પ્રાચાર્ય છે, જે મારા જીવનનો ખૂબ જ માર્મિક હિસ્સો બનીને મારી સંવેદનાઓને આંદોલિત કરતા રહ્યા છે.

એમના જીવનમાં હજુ ઉષા(બેન)નું પૂર્ણપણે પ્રાગટ્ય નહોતું થયું ત્યારે, અંધારામાં દીવો કરીને આમ કોણ વારંવાર અમને અજવાળાનો ઓળીપો કરેલ ઘરમાં દોરી જતું હતું? સામે છે અબુધ, અજ્ઞાની, અણપળોટાયેલાં, વિદ્યાપ્રાપ્તિ શી ચીજ છે તેનાથી લાપરવા, થોડાં આકુળ, થોડાં વ્યાકુળ બાળકો. હિંમત, સાહસ, સમજ અને ગતાગમ ઠીંગરાઈને અંદરના ખૂણામાં ટૂંટિયું વાળીને પડ્યાં છે. જડતામાં ચેતનાનો શંખ ફૂંકવાનો છે, સ્નેહનું અભિમંત્રિત જળ છાંટવાનું છે. તરસ્યાં ગળાંમાં પાણી ટોઈ રહેલાં નામ, અર્ધશતકને પાર પણ એવાં જ તાજાં આંખ સામે તરવરી રહે છેઃ સૌથી વડેરા હરિભાઈ ગોરડિયા, હરિભાઈની આવૃત્તિ સમા જયંતીભાઈ અંધારિયા, નગીનભાઈ મહેતા, બાબુભાઈ પટેલ, નટુભાઈ ખીમાણી, નાનજીભાઈ કાકડિયા, નટુભાઈ ખીમાણી કોને સંભારું, કોને ભૂલું? ભૂલી શકું ખરો?

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલામાંથી ઠેલાઈને વાત્સલ્યધામ માલપરામાં ઠર્યો. વરસ પૂરું થતાં સંસ્થાપક ને ભૂદાનયાત્રી દુલેરાય માટલિયા ભાઈને કહે, 'પ્રતાપ, આઠમા ધોરણમાં આઠ વિદ્યાર્થીઓ હતા, સાત કૃષિવિદ કે લોકભારતી ગયા. મનુ એક જ વધ્યો, હું એને સીધો દસમામાં લઈ લઈશ' મોટાભાઈનું મન માન્યું નહીં. લઈ ગયા ખડસલી. હરિભાઈ ગોરડિયા અને એમના સાથીઓએ એવો જાદુ કરેલો કે ગ્રામસેવા મંડળના મોભીઓ લલ્લુભાઈ શેઠ, અમુલખભાઈ ખીમાણી, કેશુભાઈ ભાવસાર સમેત સૌ મોં પર ગરવાઈનાં તેજ લીંપીને ફરે.

પણ હરિભાઈએ રાતોરાત સંસ્થા છોડવાનો નિર્ણય કર્યો. આજ્ઞા થઈ, 'જયંતી, સંસ્થાનો ભાર હવે તારા ખભે.' આંસુભરી આંખે સ્વીકારભાવ સિવાય કોઈ પ્રશ્નચિહ્ન નહીં. છેલ્લી સાંજના ભોજનસમારંભમાં મને જોઈ હરિભાઈએ પૂછ્યું, 'પ્રતાપ, કોણ છે આ? તારો નાનો ભાઈ?' 'જી. માલપરાથી આવ્યો છે.' 'આઠમામાં લઈશું.' ભાઈ બોલે એ પહેલાં મારો આક્રોશ ઊછળ્યો, 'તો નથી રહેવું. માટલિયાભાઈ તો મને સીધો દસમામાં લેતા'તા!' હરિભાઈ સહિત સૌ હસી પડ્યા. બીજે દિવસે પરીક્ષા લીધી અને નવમામાં પ્રવેશ આપ્યો.

ભાઈએ શ્રદ્ધાપૂર્વક જયંતીભાઈને મારી સોંપણી કરી. એમની પાસે એમનો નાનો ભાઈ કનુ(લાલો) તો હતો જ. મને અને લાલાને અંગ્રેજી ન આવડ્યું તે ન જ આવડ્યું. તરવરિયો ભૂપત પારેખ અને હું એક ભીંતપત્રનું સંપાદન કરીએ.

ઠાગાઠૈયા કરતાં, એમ.એ., ડી.એડ્. સુધી મને ગુરુઓના ઔદાર્યભર્યા આશીર્વાદ પહોંચાડ્યો. અભ્યાસેતર પ્રવૃત્તિ માટે હંમેશ મારો લગાવ રહ્યો. એમ ન હોત તો પુસ્તકાલયને શિવાલયનો દરજ્જો હું શી રીતે આપી શક્યો હોત? જયંતીભાઈ અમારું અંગ્રેજી-ગણિત લેતા.

ખડસલી ગામનું પડખું છોડીએ એટલે બે નદી વચ્ચે ઢોરો આવે. ચોમાસામાં ઢોરો દ્વીપ બની જાય. ઊંટ ઢંકાય એવાં કોતર એ ઢોરામાં. અમે એનાં ખાડાખૈયા સમતલ

કરીએ. જયંતીભાઈ અને અન્ય શિક્ષકો સમૂહશ્રમમાં સાથે હોય જ. વચ્ચે જયંતીભાઈ કે હિંમતભાઈનો સાદ સંભળાય ને એક ટુકડી રસોડે પહોંચે. રસોડામાં નાના-મોટા ઉસ્તાદ છગનલાલ અને નર્મદાશંકર રસોયાએ બનાવેલી ગરમાગરમ સુખડી કે શીંગપાકની ચોકીઓ તૈયાર હોય. એક પછી એક ટુકડી સુખડી-શીંગપાક જમી પુનઃ શ્રમકાર્ય તરફ વળે. મહિનાઓની તપસ્યા પછી ઢોરો સમતલ થયો. વિશાળ મેદાન, નીચાણવાળા ભાગમાં આંબા-ચીકુ-જામફળી-લીંબુડી-લીમડા અને પારિજાત-ટગર-મોગરા-જૂઈ!

કાળા સીસમ જેવો વાન. પાંચેક ફૂટની દૂબળી કાયા. ભીની, વિશાળ, માછલીની જેમ તરવરતી, સામેની વ્યક્તિને નિકટ ખેંચતી આંખો. શબ્દોમાં સાદગી અને મૈત્રીનું અકૃતક નિમંત્રણ. થાક પાસે આવતાં સંકોચ પામે. વૉલીબૉલ, ફૂટબૉલ, મોઈ-દાંડિયા, કબ્બડી, હુતુતુ, ખો-ખો રમતાં આચાર્યના પદનો ભાર કોરાણે મુકાઈ જાય. લેજિમ, મલખમ, ડમ્બેલ્સ, સળગતી રિંગ, લંગડીમાં ભોં-ભેગા થાય ને બીજાને કરે. પ્રજાસત્તાક દિન, પંદરમી ઑગસ્ટ, વાલીસંમેલન, સાંસ્કૃતિક આયોજનો—મોડી રાત સુધી તૈયારીઓ ચાલે. ખુશી છાતીમાં સમાય નહીં. ગામના લોકો નોતરાંની રાહ જોયા વિના પહોંચી જાય. ભરપૂર મોજ માણી મોડી રાતે સૌ વિખેરાય. એમ જ થાય આયોજન પ્રવાસનાં. તુલસીશ્યામ પગપાળા જવું છે. ખાંભાની ધાતરવડી નદી પાર કરી અમે ગીરના જંગલમાં પ્રવેશીએ. ખૂબ નહાયા હોઈએ, ભૂખ જીભના ટેરવે સળવળતી હોય ને ઘેઘૂર વૃક્ષોની છાયામાં ભોજન પીરસાય. તુલસીશ્યામ મંદિરની સાંધ્ય આરતીનાં દર્શન કરી, રાત રોકાઈએ. બીજા દિવસે ગરમ પાણીના કુંડમાં કાયાનું કલ્યાણ કરી ફરી કનકાઈ, ભીમચાસ જેવાં સ્થળોને પગ પાછળ ઠેલતા જાય.

અને આ આવ્યા મીનપિયાસી. કવિ અકિંચન. ગરવા. કાવ્યસંગ્રહ 'વર્ષાજલ' છપાવવો શી રીતે? જયંતીભાઈ અને શિક્ષકોએ વચન આપેલું - થોડા દિ' અમારી વચ્ચે રહો. સંગ્રહના ખર્ચનું થઈ રહેશે. કવિ ઉત્સાહભેર આવ્યા. પંદરેક દિવસ રોજ રાત્રે આકાશદર્શનની મોજ. ગીતોએ તો એવું ઘેલું લગાડ્યું કે સવાસો વિદ્યાર્થીઓમાંથી મારા સહિત પંચોતેર લખવાને રવાડે ચડી ગયા. ફલતઃ ચૂડામાં એમની સન્માન-ઊજવણી વખતે કાવ્યસભાનું સંચાલન કરવાની મને તક મળી. સાક્ષીભાવે જયંતીભાઈ પણ એમાં ઉપસ્થિત.

**ભીની, વિશાળ, માછલીની જેમ તરવરતી, સામેની વ્યક્તિને નિકટ ખેંચતી આંખો. શબ્દોમાં સાદગી અને મૈત્રીનું અકૃતક નિમંત્રણ. વૉલીબૉલ, ફૂટબૉલ, મોઈ-દાંડિયા, કબ્બડી, હુતુતુ, ખો-ખો રમતાં આચાર્યના પદનો ભાર કોરાણે મુકાઈ જાય**

આ જયંતીભાઈને એક વાર ભયાનક તાવ આવ્યો. વિદ્યાર્થીઓ તેમના પલંગ ફરતે ઢુંગલું વળીને બેઠા છે. ભોજનનો બેલ પડે છે, કોઈ ખસવાનું નામ નથી લેતું. જયંતીભાઈના હોઠેથી મંદ સ્વર સંભળાયો, 'જાવ, જમી લો. મને સારું છે.' હઠ ન છૂટી. અમે તો વહાલની નીંગઠ ગાંઠ બાંધેલી હઠ. છેવટે જયંતીભાઈએ અજાણ્યું શસ્ત્ર અજમાવ્યું, 'તમે જમવા નહીં જાવ તો હુંયે દવા લેવાનો નથી.' ચમત્કાર થયો. ડૂસકાંઓ ધીમે ધીમે રસોડા ભણી વળ્યાં.

અમે કશું સમજીએ એ પહેલાં તો નિર્ણય સાંભળ્યો, 'જવું છે, સંસ્થા છોડી જવું છે.' કારણ ન હરિભાઈનું જાણી શકાયું, ન જયંતીભાઈનું. પરમ મિત્ર અને વિદ્યાર્થીપ્રિય શિક્ષક પ્રવીણભાઈ શાહ સાથે, પોતે જ જેમાં ચૈતન્યના ધબકારને અવિરત ગતિ આપેલી, તે સંસ્થા છોડવાનો નિર્ધાર કર્યો. અમૂલખભાઈ-લલ્લુભાઈની મથામણ ન રોકી શકી. વિદ્યાર્થીઓ આઘાતમાં ગરકાવ. ખડસલી ગામના પાદરે બસમાં બેસાડવા ગ્રામજનો સહિત આખી સંસ્થા ઊમટી. એક ખૂણામાં હીબકે ચડેલા સામંતને છાનો રાખવા મથતા દોસ્તની રડતી આંખો હું જોઈ રહ્યું છું.

ભાગ્યમાં હોય એને કોઈ ન છીનવી શકે. ઈન્ટરવ્યૂ

કૉલના જવાબમાં હું સાવરકુંડલા અધ્યાપન મંદિરમાં પહોંચ્યો. સમાલાપ વખતે અણધાર્યા મિત્રો મળ્યા — બળવંત મહેતા, જયંતીભાઈ જેવા જ પૂર્વશિક્ષક મોહનભાઈ દાંડીકર, પ્રકાશ નાકરાણી, કાળુ બીલખિયા. પસંદગીકર્તાઓમાં લલ્લુભાઈ-નિર્મળાબહેન શેઠ પણ ઉપસ્થિત. કહેવાઈ ગયું, 'બને તો આજથી જ હાજર થઈ જાઓ.' થઈ ગયા. બીજે વરસે તાલીમી અધ્યાપક થઈને સામંત પરમાર આવ્યો. હાઈસ્કૂલમાં જોડાયેલો જયંતીભાઈનો નાનો ભાઈ કનુ અંધારિયા આવ્યો.

રોજ સાંજે નાવલીના રેતાળ પટમાં ભરાતી સભામાં અમને નવાં નવાં ગતકડાં સૂઝે. જયંતીભાઈ આચાર્યપણાના ભારથી કામભારરહિત. યોજના અમારી, જોગવાઈ એમની. અમારા 'આરાધના' ગ્રુપના કાર્યક્રમોની રજૂઆત થાય ત્યાં એમની સક્રિયતાને પગ ફૂટે ને ચીંધાયેલી આંગળીમાંથી ઉલ્લાસ પાંખો ખોલે. રાત-દિ' તૈયારીમાં જોતરાય. રિહર્સલો જુએ. સૂચનો કરે, તહેવારો, મહાપુરુષોની તિથિઓ, શહેરમાં આવનાર અતિથિઓનાં વ્યાખ્યાનો-જયંતીભાઈ દરેક વાતને ઝીલે. અમારી આળસને ઓગાળવાની આવડત. મારું સર્જનબીજ ખડસલીમાં રોપાયું ને સાવરકુંડલામાં ફણગ્યું. અમારા મિત્ર ને ક્લાર્ક(કવિતાય લખે) પ્રવીણ ભાલને કહેશે, 'આને કોઈપણ સામયિક માટે વાર્તા-કવિતાનું કવર-ટિકિટ-કાગળની જરૂર હોય તો આપવાં. એના લેખનને સંસ્થાના કામથી જુદું ન ગણવું.' જયંતીભાઈના ઉદાર અને ઉદાત્ત ચિત્તમાં સંસ્થાએ શહેરમાં કરેલ સાંસ્કૃતિક કામોની તાજગી રૂંવેરૂંવે ફોરતી હતી. સૌ ખુશ હતા. હોંશભેર આર્થિક સહાય અમે મેળવી હતી. જયંતીભાઈ નહોતા ભુલકણા કે નહોતા નગુણા. એક બાબતમાં તેઓ અવશ્ય ભુલકણા છેઃ મિત્રોની ભૂલોને ત્વરિત ભૂલી, એમનામાં વિશ્વાસ મૂકી શકે છે.

વ્યક્તિગત ને તદ્દન અંગત અનુભવ કહું. માતૃભક્તિના ઊભરામાં બહુ પસંદ ન હોવા છતાં જ્ઞાતિની એક છોકરી માટે હા પાડી દીધેલી ને સગાઈ પણ થઈ ગયેલી. અભ્યાસ અંગે વાંધો વ્યક્ત કરતો રહું પણ ઘરમાં કોઈ ગાંઠે નહીં. સાવરકુંડલાના મહિલા અધ્યાપનમંદિરમાં નમણી અને ચતુરાઈભરી છોકરીઓને જોઉં અને મારા દુર્ભાગ્યને ભાંડતો રહું. મારી ભેરે માત્ર મારા બાપુ. કહે, 'દીકરો જીવનભર ગૂંગળાયા કરે એવું નહીં થવા દઉં.' વીસમી સદીના છઠ્ઠા સાતમા દાયકામાં આમ કહેવું ને કુટુંબ-જ્ઞાતિનો ખોફ વહોરવો એ સાહસનું કામ હતું. છેવટે સગાઈ મૂકી.

ભારોભાર ટીકા થઈ. સંસ્થાને, જયંતીભાઈને, લલ્લુભાઈને પણ ભારોભાર ટીકા ઝીલવાની આવી. વિરોધીઓને આકડે મધ મળી ગયું. જયંતીભાઈ મનોમન મુંઝાય. એક છોકરી સાથે મારું નામ સરળતાથી જોડી શકાય એમ હતું. જયંતીભાઈ અનુદાર નહોતા, પરંતુ સંસ્થા વગોવાવી ન જોઈએ... બધી લાંબી વાતો છે, એમાં ન પડું. કહેવું છે તે આઃ સ્વાર્થી કહેવાતા આ સંસારમાં પણ મને એક એવી વ્યક્તિ મળી જેણે પોતાના સાથી કર્મચારી અને પૂર્વવિદ્યાર્થીની ચિંતાને પોતીકી ગણી.

આ એ જ જયંતીભાઈ. શહેરની સરકારી હાઈસ્કૂલનું ખાનગીકરણ થયું. દાતાના નામે નવું નામકરણ પણ થયું, જે.વી. મોદી હાઈસ્કૂલ. લલ્લુભાઈનું સૂચન થતાં તે જગ્યાએ આચાર્યપદે જયન્તીભાઈ આરૂઢ થયા. અધ્યાપન મંદિરના આચાર્યનું સ્થાન તેમનાં પત્ની ઉષાબહેન અંધારિયાને સોંપવામાં આવ્યું. આ બધું અમને વિશ્વાસમાં લીધા વગર થયું, એ અમારા વિરોધનું કારણ. શરમ, સંબંધ, સ્નેહનાં સમજણના અભાવે પડીકાં વળ્યાં. મીઠડાં દંપતી સાથે અંજળ અગરાજ થયાં. જાણે સાથે બેસનારાં બે છાવણીમાં વહેંચાઈ ગયાં. ખપ પૂરતી વાત. અમને છૂટા કરવાની નૉટિસ અપાઈ. ડાહ્યાજનોના સમાધાનના સર્વ પ્રયાસો નિષ્ફળ ગયા. એમ તો અમે અમારા કામથી પ્રતિષ્ઠા પામ્યા હતા. અમને મૂળશંકર મો. ભટ્ટ, અમારા વિદ્યાગુરુ પૂ. ભાઈ દ્વારા વિનયમંદિર ત્રમ્બા માટે આમંત્રણ અપાયું અને સામૂહિક રાજીનામાં ધરી અમે ત્યાં જોડાઈ ગયા. મોહનભાઈ દાંડીકર વાપી-ખરવાણ-નવસારીમાં પ્રવૃત્ત થયા.

છતાં અમે અંદરથી ખુશ ન હતા. તો જયંતીભાઈ તો શી રીતે હોઈ શકે? હૃદયના છાને ખૂણે આ ઘટનાની કસક જીરવીને એમણે જે.વી. મોદી હાઈસ્કૂલમાં પોતાની હંમેશની મોકળાશને ગતિ આપી. હાઈસ્કૂલના સ્ટાફ અને વિદ્યાર્થીઓનું અતડાપણું વિશ્વસનીય વ્યવહારથી ઓગાળી જાણ્યું. સામાજિક કાર્યના વર્ગને કૃત્રિમતામાંથી બહાર કાઢી નખશિખ ઉત્તમ અને આવકના સ્રોતમાં જોતરી શક્યા. સપ્તાહમાં એક વાર એક-એક કલાક અંબર ચરખા પર સતત કાંતવાના વર્ગોને ઘાટ આપ્યો. એકની એક ક્રિયાઓને તેમના સ્વભાવે કદી અનુષ્ઠાનનો દરજ્જો ન આપ્યો. નવું નવું સૂઝતું રહે. સૂચનો આવકાર પામે. હોંશભેર પ્રતિસાદ મળે. શિક્ષક અને સંસ્થાના કર્મચારીઓ માટે આરોગ્યલક્ષી, ઘરનાં ઘરની, બચત અને લોનની યોજનાઓને આકાર આપ્યો. કુંડલા સાહિત્યનું થાણું ઊભું થયું એમાં બીજાને ભળાય નહીં એમ જયંતીભાઈ અચૂક ઊભા હોય. બધું હતું, પણ પેલી કસક એમને જંપવા દે તેમ નહોતી. પોતાનાં અવગણાયાં હતાં. જેમ જયંતીભાઈ એમ અમે સૌ કડવાશ ઓગાળવામાં માહિર, એટલે બળવંત મહેતા ફરી આવ્યા, મોહન દાંડીકર આવ્યા, સામંત પરમાર આવ્યો. હું ઢસા જંક્શનની હાઈસ્કૂલમાં સ્થિર થયેલો.

કશુંક નવું કરવા ચિત્ત એમને ઘૂમરીએ ચડાવતું રહે. ભાવનગરના વડવા વિદ્યાભવનમાં આચાર્યપદનું નિમંત્રણ ગજવામાં મૂકી લલ્લુભાઈ પાસે ગયા. લલ્લુભાઈ મુક્તિના માણસ, કોઈને બાંધે નહીં. ગયા. પાછળથી એ જ વડવા વિદ્યાભવનમાં ઉષાબહેન પણ જોડાયાં. અભાવગ્રસ્ત સંસ્થા. પ્રાણસંચારની જરૂર હતી. પ્રિય મોરારિબાપુની પ્રારંભની કથાઓથી જ જયંતીભાઈ એમના શ્રોતા. ગયા મહુવા, 'બાપુ, વડવા વિદ્યાભવન માટે રામકથા આપો.' તત્ક્ષણ જવાબ, 'આપી!' ૧૯૮૧માં સૂરતના વારાછામાં રામકથાનું આયોજન થયેલું તેની ફલશ્રુતિ વિદ્યાભવનની ઝોળી છલકાઈ એમાં છે.

અને ફરી, લલ્લુભાઈ શેઠનો મોહક પ્રસ્તાવ, 'આવવું છે સાવરકુંડલા?' આવ્યા. બનજારા હાઈસ્કૂલ જોતજોતામાં ગરવાઈને શિખરે!

૧૯૯૩માં નિવૃત્ત થયા ત્યારે એ જ પેલી ખડસલી લોકશાળાનાં દશ્યોનો પુનરાવતાર થયો. વિદાયવેળાએ વિદ્યાર્થીઓ, સહકર્મીઓ અને મિત્રોની અશ્રુગંગામાં પરિપ્લાવિત થયા. પુનઃ ભાવનગર. હાથપગ હોંકારો આપતા રહ્યા ત્યાં લગી ગાંધીસ્મૃતિને, મિત્ર દિનકર પંડ્યાને

**જયંતીભાઈ અનુદાર નહોતા, પરંતુ સંસ્થા વગોવાવી ન જોઈએ... સ્વાર્થી કહેવાતા આ સંસારમાં પણ મને એક એવી વ્યક્તિ મળી જેણે પોતાના સાથી કર્મચારી અને પૂર્વવિદ્યાર્થીની ચિંતાને પોતીકી ગણી.**

સાથે રાખીને સેવાઓ આપી. ગાંધીપરીક્ષા નિમિત્તે દસેક હજાર યુવાનોને ગાંધીસાહિત્ય ભણી વાળ્યા. કોઈનું દુઃખ ભાળીને દુઃખી થયા. બીમાર છીએ એવી ખબર પડે તો હૉસ્પિટલ જવા સાથે આવે જ.

ઉંમરના આ આખરી પડાવે એ જ ઊમળકો અને અવાજનો એ જ જાદુ! અઠ્યાસીના દેહમાં તાજગીનાં ફોરાં ફૂટતાં રહે છે. તાજ્જુબીનું એક નામ જયંતીલાલ મોહનલાલ અંધારિયા પણ છે! માધવી, મીરાં-નિવેશ, બંકિમ-નેહા અને તેમનાં બાળકોના સ્નેહથી આવૃત્ત પુરુષ પાસે વૃદ્ધત્વ નિકટ આવતાં અચંબિત થઈ, ઊભું રહી જાય છે.

આ કોઈ દૃષ્ટિમાં ચડે એવા વાસ્તવની વાત નથી. અમે – જયંતીભાઈ, ઉષાબહેન, દિનુભાઈ પંડ્યા, વિક્રમ મૂ. ભટ્ટ અને હું – સાવ અડોઅડ એકલતા અને અળગા થવાના ભાવમાં ચૂપ બેઠાં છીએ. કોણ નિષ્ઠુરતાથી અમારા આ નૈકટ્યને આમ ખેસવી રહ્યું છે?

('પ્રણવ', સૂર્યનગર, ઢસા જંકશન,
પીન ૩૬૪૭૪૦, જિ. બોટાદ.
મો.૯૪૨૭૭ ૮૯૦૬૮)

## મજેદાર સંવાદો

સંકલિત

---

'અરે વાહ, શેરુ. તેં ભેટ આપેલા આ સોનાના સેટની કિંમત શું હશે?'
'ત્રણ વર્ષ કેદ-એ-બામુશક્કત.'

●

'ફિલ્મોમાં હીરો આગમાંથી પસાર થઈ જાય તોય તેને કેમ કંઈ ન થાય?'
'કારણ કે હીરો ઉષ્મા અને વિદ્યુતનો અવાહક છે!'

●

'આપણી પ્રજાની તંદુરસ્તી સુધરતી જાય છે.'
'કઈ રીતે, નેતાજી?'
'પહેલાં પચાસ રૂપિયાનું કરિયાણું લાવવા મજૂર શોધવો પડતો. હવે તો નાનું બાળક પણ ઊંચકી શકે છે.'

●

'પહેલાં તમે ઓફિસમાં આવીને ચા પીતા. હવે કેમ બંધ કર્યું?'
'પછી ઊંઘ બગડે છે.'

●

'ભાઈ, દૂધ તાજું તો છે ને?'
'તાજું? ત્રણ કલાક પહેલાં તો એ ઘાસ હતું.'

'આપ નાસ્તો લેશો?'
'ઑપ્શન શું છે?'
'હા અથવા ના.'

●

''ડૉક્ટર સાહેબ, હું જે બોલું છું તે તરત ભૂલી જાઉં છું.'
'આ તકલીફ ક્યારથી છે?'
'કઈ તકલીફ?'

●

'આઈસ્ક્રીમ લાભ કરે છે કે ગેરલાભ?'
'કોઈ ખવડાવે ત્યારે લાભ કરે છે, આપણે ખવડાવવાનો હોય ત્યારે ગેરલાભ.'

●

'પપ્પા, તમે અંધારામાં સહી કરી શકો?'
'હા, કેમ?'
'એ તો મારે રિપૉર્ટ કાર્ડ પર સહી કરાવવી હતી.'

●

'કામવાળી બીમાર છે તેમાં તું કેમ લેશન નથી કરતો?'
'ઘરનું કામ પપ્પાને કરવું પડે છે ને? કોણ લેશન કરી આપે?'

●

'જલદી એક પાંજરું આપો. મારે ગાડી પકડવી છે.'
'ગાડી સમાય એવડું પાંજરું તો મારી પાસે નથી.'

●

'તાજમહેલ ક્યાં છે નથી ખબર? જા, છેલ્લી બેંચ પર ઊભો થઈ જા.'
'અહીંથી પણ નથી દેખાતો, સર.'

●

હું અમેરિકા જવા વિચાર કરું છું, કેટલા રૂપિયા થશે?'
'વિચાર કરવાના રૂપિયા નથી થતા.'

●

'ભાઈ પ્લમ્બર, આટલી બધી ફી તો હું પણ નથી લેતો.'
'ડૉક્ટર સાહેબ, હું મારા કામની ગેરંટી પણ આપું છું ને.'

●

'આજે બિરિયાની બનાવું કે પુલાવ?'
'તું બનાવી લે. નામ પછી આપી દઈશું.'

●

'ચારસો રૂપિયા નવ્વાણું પૈસા-પુસ્તકની કિંમત આવી કેમ રાખી છે? ચારસો રૂપિયા જ રાખવી હતી ને.'
'સાહેબ, લેખકને પણ કંઈક મળવું તો જોઈએ ને?'

## ૧૧. સંસ્થા સમાચાર (માર્ચ - એપ્રિલ- મે, ૨૦૨૨)

**સંકલન : પ્રશાંત મહેતા**

### માર્ચ - ૨૦૨૨

#### લોકભારતી સમાચાર

- તા.૦૧થી ૨૦ સુધીના સમયગાળામાં લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષનાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ગુજરાતની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, કંપનીઓ, નઈ તાલીમની સંસ્થાઓ વગેરેમાં અભ્યાસક્રમના ભાગરૂપે કેન્દ્રનિવાસ કરી આવ્યાં. તેમ જ જે તે કેન્દ્રોની મુલાકાતે કાર્યકરો જઈ આવ્યા.
- તા.૦૫ના રોજ લોકભારતીના પૂર્વવિદ્યાર્થી શ્રી મગનભાઈ કાલરિયા, પૂર્વ કાર્યકરો શ્રી વિઠ્ઠલભાઈ વાછાણી અને શ્રી રમણીકભાઈ કાલરિયા અને શ્રી અચ્યુતભાઈ વાછાણી લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૦૫ના રોજ અંકલેશ્વરની એક શાળાના શિક્ષકો લોકભારતી પરિચય અર્થે આવી ગયા, મોજીલા શિક્ષણની પ્રવૃત્તિનો પરિચય કેળવ્યો.
- લોકભારતી યુનિવર્સિટીનો દરજ્જો આપવા માટેની જે પ્રક્રિયા ચાલે છે તે અનુસંધાને તા.૦૭ના રોજ ગાંધીનગર મુકામે સચિવાલય-ગાંધીનગર શિક્ષણ વિભાગની ઉચ્ચ કક્ષાની કમિટિ સમક્ષ યુનિવર્સિટીના પ્રેઝન્ટેશન આપવા માટે શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી વિશાલભાઈ ભાદાણી જઈ આવ્યા.
- તા.૦૭થી ૧૨ સુધી અધ્યાપન મંદિરમાં વાર્ષિક પાઠો તેમજ કોમ્પ્યુટરની પ્રેક્ટિકલ પરીક્ષાઓ યોજાઈ ગઈ.
- તા.૦૮ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'મહિલા દિવસ'ની ઉજવણી મણાર ખાતે ૩૦ ખેત મહિલાઓની ઉપસ્થિતિમાં કરવામાં આવી.
- લોકભારતીના મેનેજિંગ ટ્રસ્ટી અને વડીલ મા. શ્રી રઘુવીરભાઈ ચૌધરી, પૂર્વ વિદ્યાર્થી અને જાણીતા લેખક શ્રી રમેશભાઈ દવે-દંપતી તા.૧૪થી ૧૬ દરમિયાન લોકભારતી-માઈધાર-મણાર સંસ્થાઓની મુલાકાતે આવી ગયા.
- તા.૧૪થી ૧૭ સુધી અધ્યાપન મંદિરનો દ્વારકા સુધીનો ૭૮ તાલીમાર્થીઓ સાથેનો ટ્રેઇન પ્રવાસ યોજાયો, જેમાં શ્રી અજયભાઈ પંડ્યા, શ્રી જગદીશભાઈ ગોંસાઈ, શ્રી કવિતાબહેન વ્યાસ અને શ્રી અમિતભાઈ સાસાણીના સંગાથે યોજાઈ ગયો.
- લોકભારતી યુનિવર્સિટીનો દરજ્જો આપવા માટેની પ્રક્રિયાના ભાગ રૂપે ગાંધીનગરથી ઉચ્ચ કક્ષાની એક કમિટિ, જેમાં ઉ.શિ.કમિ. શ્રી નાગરાજન સાહેબ, ગુજ. યુનિ.ના કુલપતિ શ્રી હિમાંશુભાઈ પંડ્યા, ઉ.શિ.કમિ.શ્રી કચેરીથી શ્રી બી.જી. પટેલ અને શ્રી મિત્તલબહેન આચાર્ય અને તેની ટીમ તા.૧૬ના રોજ લોકભારતીની સ્થળ મુલાકાતે આવી ગઈ.
- રાજસ્થાનમાં કાર્યરત એન.જી.ઓ. 'મુસ્કાન'ના શ્રી ગૌતમભાઈ તા.૨૧ના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- તા.૨૨ના રોજ ખેડૂત તાલીમ કેન્દ્ર, ભાવનગર હસ્તક યોજાયેલ કૃષિ મેળામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કૃષિ પ્રદર્શન યોજવામાં આવ્યું, જેમાં શ્રી સરોજબહેન ચૌધરી અને શ્રી પરેશભાઈ રાઠોડ જઈ આવ્યાં.

- તા.૨૪ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-મહેસાણાના છ અધ્યાપક મિત્રો લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- તા.૨૪ના રોજ ઔરંગાબાદથી જાણીતા લેખક અને પત્રકાર શ્રી દત્તા જોશી લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- તા.૨૬ના રોજ વિજ્ઞાનનગરી-ભાવનગર ખાતે સ્થપાયેલ એસ્ટ્રોનોમી ક્લબના સભ્યો સમક્ષ ભૂમિકા રૂપ એક વક્તવ્ય-કમ-પ્રેઝન્ટેશન સંયુક્ત રૂપે શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણાએ રજૂ કર્યું.
- વિદ્યાર્થીઓનો પ્રિય એવો સાહસદોડનો કાર્યક્રમ આ વર્ષે વાંકિયા હનુમાન સુધીનો ગોઠવાયો. પૂર્વ વિદ્યાર્થી શ્રી જયદીપભાઈ ભાવનગરથી વિશેષ ઉપસ્થિત રહ્યા અને પ્રેરણાત્મક વાતો રજૂ કરી.
- તા.૨૬ના રોજ અધ્યાપન મંદિરમાં આંગણકા પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી અમિતભાઈ મજેઠિયાએ 'આઈ.સી.ટી.નો શિક્ષણમાં ઉપયોગ' વિષય પર સુંદર પ્રેઝન્ટેશન રજૂ કર્યું.
- લોકભારતી યુનિવર્સિટીનો દરજ્જો આપવા માટેની પ્રક્રિયાના ભાગરૂપે તા.૨૮મીના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી વિશાલભાઈ ભાદાણી ગાંધીનગર જઈ આવ્યા.
- તા.૨૯ના રોજ લોકભારતીને ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો મળ્યા અંગેના સમાચારો આવવા લાગ્યા. એક રીતે આ સમાચાર ઘણા પ્રોત્સાહક હોવાથી બહારથી શુભેચ્છા સંદેશાઓનો અવિતર પ્રવાહ શરૂ થયો. સૌ શુભેચ્છકોએ ખૂબ જ લાગણીથી અભિનંદનની વર્ષા કરી. સાયં પ્રાર્થનામાં શ્રી અરુણભાઈ દવેએ આ અંગે વિગતે વાત રજૂ કરી અને લોકભારતી પરિવાર સાથે આ આનંદના સમાચારની વહેંચણી કરી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં શ્રી સરોજબહેન ચૌધરી 'ઇન સર્વિસ તાલીમ'માં ભાગ લેવા માટે ૨૧ દિવસ માટે જયપુર જઈ આવ્યાં.
- તા.૨૮ના રોજ જિલ્લામાં એફ.પી.ઓ.ના નિર્માણ માટે મા. જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા સ્તરની નિરીક્ષક સમિતિની પાંચમી બેઠક યોજાઈ ગઈ, જેમાં શ્રી નિગમભાઈ શુક્લએ હાજરી આપી ચર્ચામાં ભાગ લીધો.
- ભાણવડ મુકામે પુરુષાર્થ શિક્ષણ સંકુલ ચલાવતા અને બરડા ડુંગરમાં ઘુમલી મુકામે 'તપોવન' નામે એક વિશિષ્ઠ પ્રકારનો શૈક્ષણિક પ્રયોગ છેલ્લા ચારેક વર્ષથી કરી રહેલા શ્રી ભીમશીભાઈ કરમુર અને મૂળ ભુજ કચ્છના વતની સમણ શ્રુતપ્રજ્ઞજી કે જેઓએ જૈન સંત આચાર્ય તુલસી પાસે સમણ દીક્ષા અંગીકાર કરેલી છે, તેઓ તેમના આઠેક વિદ્યાર્થીઓને લઈને તા.૩૧મીના રોજ લોકભારતી પરિચય મુલાકાતે આવી ગયા, 'મોજીલું શિક્ષણ' પ્રવૃત્તિને સમજવા વિશેષ પ્રયત્ન કર્યો.
- શ્રી અરુણભાઈ દવે લોકભારતી યુનિવર્સિટીની કામગીરીમાં અતિ વ્યસ્ત રહ્યા. તા. ૬,૭ અને ૮ ગાંધીનગર-અમદાવાદ જવાનું થયું. જ્યારે તા. ૧૬ અને ૨૮ આનુસાંગિક વિધિઓમાં વ્યસ્ત રહ્યા. તા. ૧૨,૧૩ અને ૧૪ ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાઓમાં નવનિર્મિત મકાનોના લોકાર્પણમાં આ. શ્રી. રઘુવીરભાઈ ચૌધરી, શ્રી રમેશ દવે અને સુરતના દાતા મહેમાનો સાથે રહી બધા કાર્યક્રમો સફળતાથી પાર પાડ્યા. તા. ૨૧મીએ બેલા સંસ્થાના વાર્ષિકોત્સવમાં પ્રમુખીય પ્રવચન આપ્યું. તા. ૩૧મીએ પૂ. મોરારીબાપુ સાથે વિશેષ સત્સંગ માણી યુનિવર્સિટીની માન્યતા સંદર્ભે માર્ગદર્શક-આશીર્વચન મેળવ્યા.

**આંબલા સમાચાર**

- તા. ૧૪ના રોજ આંબલા લોકશાળા કેમ્પસ પર માતુશ્રી કાશીબા હરિભાઈ ગોટી સંસ્થા સુરતના '૨૦૮ સરસ્વતીધામ અભિયાન' તળે પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ, મુંબઈના સહયોગથી 'શ્રી મહારાજા કૃષ્ણકુમારસિંહજી પુસ્તકાલય'નું લોકાર્પણ સાહિત્યકાર શ્રી રઘુવીરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને થયું. આ પ્રસંગે વાંકિયા હનુમાનજી જગ્યાના શ્રી રઘુબાપુની આશીષ ઉપસ્થિતિમાં આ કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી પંકજ કુમાર શુક્લ, શ્રી નાગજીભાઈ માણિયા, શ્રી હિતેષભાઈ હીરપરા, શ્રી પરેશભાઈ ડોડિયા, શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી લાલજીભાઈ નાકરાણી, શ્રી રાજુભાઈ વાળા, શ્રી વાઘજીભાઈ કરમટિયા, શ્રી રમેશભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી નાનુભાઈ શિરોયા, શ્રી નીતિનભાઈ પંચોળી, શ્રી ફાઝલભાઈ ચૌહાણ તેમજ લોકદક્ષિણામૂર્તિના આંબલા,મણારના કાર્યકરો તેમજ લોકભારતીના કાર્યકરો સહિત જિલ્લાના શિક્ષણક્ષેત્રના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા.
- તા.૨૦ના રોજ ધોરણ-૧૦ અને ૧૨નો વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવતો કાર્યક્રમ ભારતના સૌથી નાની ઉમરનાઁ જી અધિકારી ભાવનગરના છજીઁ શ્રી સાફિન હસન સાહેબની અધ્યક્ષતામા યોજાઈ ગયો. આ પ્રસંગે શ્રી સાફિન હસન સાહેબે વિદ્યાર્થીઓને પોતના વ્યક્તિગત જીવનની વાત કરીને મોટીવેટ કર્યા અને સફળતાની ટિપ્સ આપી હતી. આ કાર્યકમમાં જુદી જુદી શાળાઓના આચાર્યશ્રીઓ, સંસ્થાના વડીલ શ્રી લાલજીભાઈ નાકરાણી હાજર રહ્યા. કાર્યકમનું સંચાલન શ્રી ગૌરાંગભાઈ વોરાએ કર્યું. સંસ્થા પરિચય શ્રી બિપિનભાઈએ આપ્યો અને પ્રવૃતિપરિચય શ્રી રામદેવસિંહજી ગોહિલએ કરાવ્યો. શ્રી વાઘજીભાઈ કરમટિયાએ વિદ્યાર્થીલક્ષી વ્યક્તવ્ય આપ્યું. આભારવિધિ શ્રી રાજેન્દ્રસિંહજી વાળાએ કરી.
- તા.૧૩ના રોજ ભાવનગર મુકામે વિરાણી સ્કૂલમાં લોકશાળાના ક્લાર્ક શ્રી ભગવાનભાઈ ડાભી વહીવટી સેમિનારમાં જઈ આવ્યા.
- આચાર્ય સંઘના અધિવેશનમાં શ્રી વાઘજીભાઈ કરમટિયા ભોજદે જિ.ગીર-સોમનાથ મુકામે જઈ આવ્યા.
- તા.૧૮ના રોજ વિદ્યાર્થીઓ તથા કાર્યકર પરિવાર સાથે ધૂળેટીની ઉજવણી કરવામાં આવી, જેમાં સૌ કાર્યકર પરિવાર તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
- તા.૨૦ના રોજ સમૂહ ગરબીનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સૌ કાર્યકર પરિવાર તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
- પ્રાર્થનાના અનુસંધાને શ્રી અમિનભાઈ ચૌહાણે સંસ્થાનાં મૂલ્યો સંદર્ભે વાતો કરી.
- તા.૨૧ના રોજ ધો.૦૯ અને ૧૦ના વિદ્યાર્થીઓને સાહસિક બનવાની તાલીમના ભાગરૂપે ઘોડેસવારીની એક દિવસીય તાલીમ આપવામાં આવી. શ્રી દીપકભાઈ પંડ્યાના માર્ગદર્શનમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.
- તા.૨૬ના રોજ 'સ્પીપા'ના જોઈન્ટ ડાયરેક્ટર અને મોટીવેશનલ સ્પીકર કલાસ વન અધિકારી જેમનું જીવન જ પ્રરેણાનું ઝરણું છે, એવા શ્રી શૈલેષભાઈ સગપરિયા સંસ્થા મુલાકાતે આવી ગયા અને સાંજની પ્રાર્થનાના અનુસંધાને

વિદ્યાર્થીઓને પરીક્ષામાં જોમ અને જુસ્સો વધે તેવું વ્યક્તવ્ય આપ્યું. તેઓ સંસ્થાના ભાવાવરણથી પ્રસન્ન થયા.

- તા.૨૮થી ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા શરૂ થઈ, વિદ્યાર્થીઓને લોકદક્ષિણામૂર્તિ પરિવાર તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

**મણાર સમાચાર**

- અલંગ શીપબ્રેકિંગયાર્ડ મુકામે રેડક્રોસ હોસ્પિટલની સ્થાપનાને ત્રણ વર્ષ પૂર્ણ થતાં અને આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે સાત દિવસીય જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો, જેમાં આપણા છાત્ર-છાત્રાઓ તથા કાર્યકરગણ જોડાયા.
- તા.૦૩ના રોજ 'સ્વયંપાક' યોજવામાં આવ્યો.
- તા.૦૮ના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિન'ની ઉજવણી કરવામાં આવી. સાંજની પ્રાર્થનામાં મુંબઈના શ્રી અજિતભાઈ દોશીએ કન્યા કેળવણી વિશે ઉપયોગી વાતો કરી. શ્રી કંચનબેન તથા લોકભારતીમાંથી આવેલ બી.આર.એસના ત્રીજા વર્ષની બહેનોએ પ્રેરક વાતો કરી.
- અહીંના નવનિર્મિત 'છગનદાદા(ચોગઠ) કન્યા છાત્રાલય'નો લોકાર્પણ કાર્યક્રમ જાણીતા સાહિત્યકાર શ્રી રઘુવીરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. સુરતની દાતાસંસ્થા માતુશ્રી કાશીબા હરિભાઈ ગોટી કર્મયોગી સંસ્થાના શ્રી કેશુભાઈ ગોટી તથા તેના અન્ય દાતાઓ-સાથીદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. આજુબાજુના ગામના આગેવાનો પણ આ પ્રેરક કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જોડાયા.
- તા.૧૭ના રોજ અહીંની પરંપરા મુજબ હોલિકા દહનનો કાર્યક્રમ યોજાઈ ગયો અને પછીના દિવસે તિલક હોળી(ધૂળેટી) યોજવામાં આવી.
- જાણીતા આયુર્વેદ ડૉક્ટર શ્રી મહેન્દ્રસિંહજી સરવૈયા સંસ્થા તથા કૃષિ બાગાયત વિકાસ કેન્દ્રની મુલાકાતે આવી ગયા. અહીં વિદ્યાર્થીઓ દ્વારા ઉગાડવામાં આવતી સજીવ ખેતીનું શાકભાજીનું વાડોલિયું જોઈ તેઓ ખૂબ જ પ્રભાવિત થયા.
- શ્રી ડાયાભાઈ ડાંગરે તા.૨૩ના રોજ 'આંતરરાષ્ટ્રીય જળ દિવસ'ની ઉજવણી નિમિત્તે પ્રેરક વાતો કરી.
- અમદાવાદ મુકામે યોજાયેલ લોકભારતીના પૂર્વ અધ્યાપક સ્વ. યશવંતભાઈ ત્રિવેદીના 'સ્મૃતિગ્રંથ' વિમોચન પ્રસંગે શ્રી સુરસંગભાઈ ચૌહાણ જઈ આવ્યા.
- ધો.૧૦ તથા ૧૨નો શુભેચ્છા-વિદાય સમારંભ તા.૨૬ના રોજ શ્રી મનહરભાઈ ઠાકરની અધ્યક્ષતામાં યોજાઈ ગયો.
- ડૉ. સી.પી.સિંગ, ખેડૂત આગેવાન શ્રી વીરજીભાઈ જસાણી પરિવાર સાથે, શ્રી ગોરધનભાઈ(ત્રાંબકવાળા), સિહોર તાલુકાના પૂર્વતાલુકાવિકાસ અધિકારી શ્રી નટુભાઈ બોરીચા અને ડૉ. લોકેશ શર્મા વગેરે સમગ્ર માસ દરમિયાન સંસ્થા મુલાકાતે આવી ગયા.
- કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્ર-મણારના મસાલા ઉત્પાદન તથા તેના પ્રોસેસિંગ યુનિટ બાબતે રાષ્ટ્રીય મસાલા સંશોધન કેન્દ્ર-જોધપુર સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યું. આ પ્રસંગે ૧૦૦ કરતાં વધારે ખેડૂતો અને પીડીલાઇટના શ્રી પી. કે. શુક્લાજી તથા રાષ્ટ્રીય મસાલા સંશોધન કેન્દ્રના ડાયરેક્ટર શ્રી ડૉ. સક્સેનાજી, શ્રી ડૉ. કૃષ્ણકાંતજી તથા ડૉ. લોકેશ ઉપસ્થિત રહ્યા.
- શ્રી કૃષ્ણકુમારસિંહજી પુસ્તકાલય આંબલાના ઉદઘાટન પ્રસંગે અહીંથી સાતેક કાર્યકરો આંબલા

મુકામે ઉપસ્થિત રહ્યા.

- મણાર ગોશાળાને ટકાઉ બનાવવા માટેની એક ઓનલાઇન મિટિંગ તા.૨૬ના રોજ યોજાઈ ગઈ, જેમાં ડૉ. વીરેન્દ્રસિંહજી, શ્રી સુરસંગભાઈ ચૌહાણ, ગોશાળા કાર્યકરો તથા કૃષિ-વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો ઉપસ્થિત રહ્યા. ગોશાળા તજજ્ઞો ડૉ. જી.કે. પટેલ તથા ડૉ. પ્રેમચંદ યાદવે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું.
- ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ-મહાકુંભમાં આપણી શાળાની બહેનોની ખો-ખોની ટીમ અને ફૂટબોલની ટીમ તાલુકા અને જિલ્લા કક્ષાએ રમવા માટે જઈ આવી, તેમાં બહેનોની ખો-ખોની ટીમે તાલુકા કક્ષાએ બીજું સ્થાન પ્રાપ્ત કર્યું, તે બદલ ખેલાડી ભાઈઓ અને બહેનોને તથા તેમના કોચ શ્રી વિપુલભાઈને સંસ્થા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા અને ખેલાડી ભાઈઓ અને બહેનોને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

### માઈધાર સમાચાર

- તા.૪ના રોજ પાલીતાણા રૂરલ જેૈં સોલંકી સાહેબે વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ, ટ્રાફિક નિયમો અને નારકો ટેસ્ટ અંગે માર્ગદર્શન આપ્યું.
- તા.૮ અને ૯ના રોજ 'મોજીલું શિક્ષણ અભિયાન'ની મોજીલી પરીક્ષા અંગેની બે દિવસીય તાલીમ યોજાઈ ગઈ.
- તા.૯ના રોજ શ્રી અજિતભાઈ દોશીએ વિદ્યાર્થીની બહેનો સાથે વાર્તાલાપ કર્યો.
- તા.૧૪ના રોજ શ્રી રઘુવીરભાઈ ચૌધરી, શ્રી રમેશભાઈ દવે, શ્રી ભારતીબેન દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોલી, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી નિગમભાઈ શુકલ મુલાકાતે આવી ગયા અને શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ વિદ્યાર્થી અને કાર્યકરો સાથે વાર્તાલાપ કર્યો.
- તા. ૨૫ના રોજ 'અહિંસાની કેળવણી' કાર્યક્રમ અંતર્ગત ૨૦ ગામના યુવાનોની કાર્યશાળા યોજાઈ ગઈ અને શ્રી ભાવનાબહેન પાઠક દ્વારા પ્રાસંગિક વાત કરવામાં આવી. ઝઈઈમાંથી શ્રી હસમુખભાઈ પટેલ અને શ્રી સામતભાઈ સોલંકી હાજર રહ્યા. શ્રી એભલભાઈ ભાલિયા દ્વારા કાર્યશાળાનું સંકલન કરવામાં આવ્યું.
- તા.૨૬ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણી દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા 'આગામી સદીમાં આપણે શું કરીશું?' વિષય અંગે વાત કરવામાં આવી અને પ્રશ્નોતરી સારી રહી. બપોર બાદ વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ અને વાલી મિટિંગ યોજાઈ ગઈ.
- તા.૨૪ના રોજ શ્રી ભાવનાબહેન પાઠક ઉત્તર બુનિયાદી વિદ્યાલય શેત્રુંજીડેમ ધો.૧૦ અને ૧૨ના શુભેચ્છા કાર્યક્રમમાં જઈ આવ્યાં.
- 'વસુંધરાની વાણી કાર્યક્રમ' અનુસંધાને માંડવડા-૧, મોટી માંડવાળી, બેલા અને ટીમાણાના ગ્રામજનો સાથે માઈધાર સંસ્થાના કાર્યકરોએ શ્રેણીબદ્ધ મિટિંગો કરી.

## એપ્રિલ-૨૦૨૨

### લોકભારતી સમાચાર

- તા. ૦૨ ના રોજ પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી ધર્મેશભાઈ કોરડિયાએ અધ્યાપન મંદિરમાં સ્વાસ્થ્ય શિક્ષણ અંતર્ગત વાર્તાલાપ આપ્યો.
- તા.૦૪ના રોજ લોકભારતીના પૂર્વવિદ્યાર્થીઓ અને ગ્રાદમૂ-આંબલામાં વર્ષો સુધી સેવારત રહેલા એવા શ્રી લાલજીભાઈ નાકરાણી અને શ્રી હીરજીભાઈ નાકરાણી લોકભારતીની શુભેચ્છા

મુલાકાતે આવ્યા. લોકભારતીનું પુનઃવ્યવસ્થાપન જોઈને પ્રસન્ન થયા.

- પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ-મુંબઈના નવેક ચિફ એક્ઝીક્યૂટીવ્ઝની એક ટીમ શ્રી લવીનાજીના નેતૃત્વ તળે તા.૦૭મીના રોજ લોકભારતીની પરિચય-શુભેચ્છા મુલાકાતે આવી ગઈ. લોકભારતીના ભાવાવરણથી અત્યંત પ્રસન્ન થયાં.
- તા. ૭ના રોજ ઉ.શિ. કમિ. કચેરી, ગાંધીનગર દ્વારા આયોજિત 'આઝાદી કા અમૃત મહોત્સવ' નિમિત્તે યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ પર એક દિવસીય સેમિનાર તમામ ગ્રામ વિદ્યાપીઠના કાર્યકરો માટે અમદાવાદ ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં લોકસેવા મહાવિદ્યાલયના તમામ કાર્યકરો સામેલ થયા. આ કાર્યક્રમમાં શ્રી કાંતિભાઈ ગોઠીએ અને શ્રી વિશાલભાઈ ભાદાણીએ પ્રાસંગિક વક્તવ્યો આપ્યા.
- 'વસુંધરાની વાણી' કાર્યક્રમ અંતર્ગત શ્રી ધ્રુવભાઈ ભટ્ટના આયોજન નીચે કબીરવાણીથી પ્રસિદ્ધ એવાં શ્રી શબનમબહેન વીરમાણી, બંગાળના બાઉલ ગીતોના સંતો શ્રી લક્ષ્મણદાસજી બાઉલ અને તેની ટીમ, રાજસ્થાનના શ્રી ભલ્લુરામજી અને તેની ટીમ, કચ્છના શ્રી દેવજીભાઈ જાગરિયા અને તેની ટીમ દ્વારા તા.૦૮ના રોજ લોકભારતી ખાતે સવારના ૦૮-૩૦થી બપોર સુધી સૌ સૌના પ્રાદેશિક ભક્તિગીતો/ભજનોથી સૌને રસ-તરબોળ કરી દીધા. તેમને સાંભળવા દૂર-સુદૂરથી ઘણા મહેમાનો આવ્યા.
- તા.૧૦થી ૨૧ના સમયગાળા દરમ્યાન એસ.વાય.બી.આર.એસ.ના વિદ્યાર્થીઓ દક્ષિણ, મધ્ય, ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોના શૈક્ષણિક પ્રવાસે જઈ આવ્યા. કાર્યકરો તરીકે શ્રી નીતિનભાઈ ભિંગરાડિયા-પ્રવાસ સંયોજક, શ્રી અલકેશભાઈ ચૌહાણ, શ્રી કાળુભાઈ ખોખરિયા અને શ્રી કુમારભાઈ પુરોહિત જોડાયા.
- સુરતની બ્રીલિયન્ટ સ્કૂલના શ્રી સંજયભાઈ તેમની સાથે ધોરણ દસ અને બારની પરીક્ષા પત્યા પછી જુદી જુદી શાળાઓની કેટલીક દીકરીઓ અને કેટલીક તેની માતાઓને લઈને તા.૧૫-૧૬ દરમિયાન લોકભારતીના ભાવાવરણમાં રહીને સ્વાવલંબનના પાઠ શીખવા માટેની એક કાર્યશાળામાં આવી ગયા.
- તા. ૧૬ના રોજ અધ્યાપન મંદિરમાં દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ યોજાયો, જેમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ તેમજ અધ્યાપકોએ તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી. બંને અભ્યાસ વર્ષમાંથી પ્રતિનિધિ ભાઈ બહેનોએ પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં.
- તા. ૧૬થી શરૂ થયેલી ટી.વાય. બી.આર.એસ.ની સેમેસ્ટરની અંતિમ પરીક્ષા સુપેરે સંપન્ન થઈ.
- તા.૧૯ના રોજ લોકભારતી વ્યવસ્થાપક મંડળની એક બેઠક અતિથિગૃહે મળી ગઈ.
- તા.૧૯ના રોજ સિહોરના પ્રાંત અધિકારીશ્રી દિલીપસિંહજી વાળા લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- લોકભારતીને યુનિવર્સિટીનો દરજ્જો મળવાને કારણે કેટલીક પાયાની વિચારણાઓ અને માર્ગદર્શન માટે લોકભારતીના શુભેચ્છક શ્રી ભદ્રાયુભાઈ વચ્છરાજાની તા.૨૦-૨૧ દરમિયાન આવી ગયા.
- તા. ૨૦થી ૨૯ દરમિયાન લોકભારતી અધ્યાપન

મંદિરની વાર્ષિક પરીક્ષાઓ લેવાઈ ગઈ.

- તા.૨૫ના રોજ લોકભારતીના પૂર્વ કાર્યકર સ્વ. શ્રી ચંપકભાઈ સોનીના અવસાન નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચન્દ્રભાઈ પંચોળી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ ભાવનગર જઈ આવ્યા.
- તા.૨૬ના રોજ લોકભારતીના કેટલાક પ્રશ્નો અંગે શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી-ગાંધીનગર અને પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી-ગાંધીનગર રૂબરૂ મુલાકાત માટે જઈ આવ્યા.
- ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ-ન્યુ દિલ્હી દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત તા. ૨૫થી ૩૦ એપ્રિલ દરમિયાન 'કિસાન ભાગીદારી, પ્રાથમિકતા હમારી' અભિયાન અંતર્ગત તા.૨૬ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને આત્મા પ્રોજેક્ટ-ભાવનગર દ્વારા કૃષિ સંમેલન અને કૃષિ પ્રદર્શન તેમજ માનનીય કેન્દ્રીય મંત્રીશ્રી નરેન્દ્રસિંહજી તોમરના વક્તવ્યનું લાઇવ પ્રસારણ તથા દેશના વિવિધ વિસ્તારના ખેડૂતો સાથેના સીધા સંવાદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રશાંત જીલોવા તેમજ અન્ય કૃષિ સંલગ્ન વિભાગોના અધિકારીશ્રીઓ હાજર રહ્યા, તેમજ ૩૪૩ ખેડૂતો ભાઈઓએ ભાગ લીધો.
- તા. ૨૭મીના રોજ ચલાળાની દાનબાપુની જગ્યાના મહંતશ્રી અને લોકભારતીના શુભેચ્છક એવા પૂ. શ્રી વલ્કુબાપુ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- પીડીલાઇટ ઈન્ડસ્ટ્રીઝ-મુંબઈના આઠેક ચિફ એક્ઝીક્યૂટીવ્ઝની એક ટીમ શ્રી સ્મિતાજીના નેતૃત્વ તળે તા.૨૮મીના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગઈ. તેઓ સૌ લોકભારતીના ભાવાવરણથી અત્યંત પ્રસન્ન થયાં.
- તા.૩૦ ના રોજ ટી.વાય.બી.આર.એસ.ના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ ઇન્ટરવ્યૂ ગોઠવાઈ ગયા.
- 'વસુંધરાની વાણી' કાર્યક્રમ અંતર્ગત તા.૦૭થી ૧૨ સુધી સૌ કલાકારો અને આયોજકો સાથે ભરપૂર મોજ માણીને શ્રી અરુણભાઈ દવે યુનિવર્સિટી સંદર્ભે વહીવટી કામોમાં ગળાડૂબ રહ્યા. તા.૧૪મીએ દિલહરબહેનના, તા.૨૧મીએ ભારતભાઈ પાઠકના અને તા.૨૫ ચંપકભાઈ સોનીના દુઃખદ અવસાન નિમિત્તે બેસણાંઓમાં હાજરી આપી. તા.૦૭ અને ૨૮મીએ પીડીલાઇટના અધિકારીઓની શુભેચ્છા મુલાકાતો દરમિયાન તેમને લોકદક્ષિણામૂર્તિ સંસ્થાઓથી પરિચિત કરાવ્યા.

**આંબલા સમાચાર**

- તા.૦૨ના રોજ ભાણવડથી 'પુરુષાર્થ તપોવન'માંથી પૂ.શ્રવણપ્રિય દર્શન સ્વામી તથા શિક્ષક ગણ અને ૧૦ વિદ્યાર્થીઓ સંસ્થાની દિનચર્યામાં સાથે જોડાયા અને સાંજની પ્રાર્થનાના અનુસંધાને પ્રેરણાત્મક વાતો કરી.
- તા.૦૨ના રોજ સુરત મુકામે આપણી સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને દાતા શુભેચ્છક શ્રી જીવરાજભાઈ ધરમશીભાઈ જાસોલિયાનાં ધર્મપત્ની સ્વ.સવિતાબેન જીવરાજભાઈ જાસોલિયા(દાતા, શુભેચ્છક, ભૂ.પૂ.વિ.)નું ૭૩ વર્ષની વયે અવસાન થયું, તેના અનુસંધાને તા.૦૫ના રોજ આંબલા મુકામે તેમના નિવાસ સ્થાને વિદ્યાર્થીઓ તથા કાર્યકરો દ્વારા પ્રાર્થના સભા રાખવામાં આવી.
- તા.૨૭-૦૩-૨૨થી ૦૬-૦૪-૨૨ દરમિયાન

'સ્કૂલ સે મિલે સ્કૂલ' વિશ્વગ્રામ સંસ્થાના પ્રોજેક્ટ અંતર્ગત કાશ્મીર મુકામે 'ઉરી' વિસ્તારમાં શ્રી વાઘજીભાઈ કરમટિયા તથા શ્રી ગૌરાંગભાઈ વોરા જઈ આવ્યા.

- ધોરણ-૧૦ અને ૧૨ વિદ્યાર્થીઓએ શાંતિ પૂર્ણ રીતે બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ કરી.
- તા.૧૬ના રોજ આપણી સંસ્થાના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી શ્રી રમેશભાઈ સંઘવીને ચિત્રકૂટ, તલગાજરડા ખાતે પૂ. મોરારિબાપુના હસ્તે શાલ, સૂતરની માળા, સન્માન પત્ર અને એક લાખ પચ્ચીસ હજારની ધનરાશિ દ્વારા સદભાવના ઍવૉર્ડથી નવાજવામાં આવ્યા. શ્રી રમેશભાઈ સંઘવીને સમગ્ર લોકદક્ષિણામૂર્તિ શુભેચ્છાઓ પાઠવી અભિનંદનની લાગણી અનુભવે છે.
- રાજય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા લેવાતી ધોરણ-૦૯ માધ્યમિક શિષ્યવૃતિ પરીક્ષા વર્ષ ૨૦૨૨માં ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા લોકશાળા વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમે જાડેજા આર્યરાજસિંહ ઇંદ્રજિતસિંહજી અને દ્વિતીય ક્રમે કાલીય ઉમેશભાઈ રાજુભાઈની પસંદગી થયેલ છે. બંને વિદ્યાર્થીઓને સંસ્થા પરિવારે અભિનંદન પાઠવ્યા.
- તા.૧૭ના રોજ ધોરણ-૧૧ની તથા તા.૨૯ના રોજ ધોરણ-૦૯ની છાત્રાલય પ્રવેશ પરીક્ષા યોજાઈ ગઈ.
- તા.૧૫થી ૨૬ દરમિયાન આંબલા કેમ્પસ પર ધોરણ-૧૨ના હિન્દી અને સંસ્કૃત વિષયના પેપર જોવાનું જ્જીઈમ્ દ્વારા મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર આપવામાં આવતાં, તેમાં કુલ ૧૦ ટીમો હિન્દી અને સંસ્કૃતના પેપર જોવા માટે આવી.
- તા.૨૩ના રોજ આંબલા મુકામે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રની મુલાકાતે ગાંધીનગરના માધ્યમિક પરીક્ષા નિયામક શ્રી અવનિબા મોરી તેમજ માધ્યમિક શિક્ષણ વિભાગના શ્રી ઝલકબહેન શેઠ અને તેમના અધિકારીશ્રીઓ કેન્દ્રની તથા સંસ્થા મુલાકાતે આવી ગયાં. આ મુલાકાત દરમિયાન તેઓ સંસ્થાના વાતાવરણ અને પ્રણાલિથી ખૂબ રાજી થયાં. વિદ્યાર્થીઓ સાથે તેઓએ સાંજનું ભોજન લીધું.

**મણાર સમાચાર**

- તા.૨૮ માર્ચથી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો, એપ્રિલ માસમાં સુખરૂપ પૂર્ણ થઈ. શિક્ષકો બોર્ડના પેપર ચકાસણી કાર્યક્રમમાં પણ જઈ આવ્યા.
- ધોરણ-૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાઓ પણ સુખરૂપ પૂર્ણ થઈ અને પરિણામ તૈયાર કરવામાં આવ્યાં.
- તા.૦૧ના રોજ માનનીય પ્રધાનમંત્રીનો 'પરીક્ષા પે ચર્ચા' ઓનલાઈન કાર્યક્રમ સૌ વિધાર્થીઓ અને કાર્યકરોએ માણ્યો.
- તા.૦૭ના રોજ શ્રી કંચનબેન થડોદા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી-ગાંધીનગર દ્વારા આયોજિત 'ગ્રામવિદ્યાપીઠ કર્મયોગી તાલીમ'માં ભાગ લેવા અમદાવાદ જઈ આવ્યા.

**માઈધાર સમાચાર**

- તા.૦૭ના રોજ પીડીલાઈટ, મુંબઈથી શ્રી લવિનાબહેન અને તેની ટીમ માઈધાર સંસ્થાની મુલાકાત માટે આવી ગયાં.
- તા.૦૮થી ૧૦ એક અનોખો યાદગાર કાર્યક્રમ 'વસુંધરાની વાણી' જાણીતા સાહિત્યકાર શ્રી ધ્રુવ ભટ્ટની પ્રેરણા અને માર્ગદર્શનથી માંડવડાં-૧, બેલા, માંડવાળી, ટીમાણા અને માઈધાર ગામમાં યોજાયો. આ કાર્યક્રમના અનુસંધાને શબનમબહેન

વીરમાણી(બેંગ્લોર), લક્ષ્મણદાસ બાઉલ(પશ્ચિમ બંગાળ), ભલ્લુરામજી(જેસલમેર) અને દેવજીભાઈ જાગરિયા(કચ્છ)ની મંડળીઓએ કબીરજી તેમજ પ્રાદેશિક સૂફી વાણી રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા! ગામલોકોએ પરંપરાગત રીતે સામૈયા કરીને વાણીના કલાકારો અને સાંભળવા આવેલા સૌ મહેમાનોની મહેમાનગતિ ઉમળકાભેર કરીને ગ્રામજીવનનો પરિચય કરાવ્યો. કલાકારો અને શ્રોતાઓ સમગ્ર ગ્રામાભિમુખ વ્યવસ્થાથી ખૂબ પ્રભાવિત થયા.

- શ્રી ધ્રુવ ભટ્ટ, શ્રી કિરણભાઈ ચાવડા, શ્રી ચૈતન્યભાઈ ભટ્ટ, શ્રી અરુણભાઈ દવે, શ્રી અર્ચનાબેન દવે વગેરેની હૂંફ અને માર્ગદર્શન મળી રહ્યા. તા.૧૦ના રોજ માઈધારમાં ભાવનગરથી શ્રી સુભાષ ભટ્ટ, શ્રી મહેન્દ્રસિંહજી પરમાર, શ્રી ફાલ્ગુનભાઈ શેઠ, શ્રી પારૂલબેન શેઠ, શ્રી નલિનભાઈ પંડિત, શ્રી દેવીબહેન પંડિત, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રમાબહેન દેવમુરારિ તેમજ બહોળી સંખ્યામાં ભાવનગરથી મહેમાનો પધાર્યા. સમગ્ર કાર્યક્રમમાં લોકવિદ્યાલય માઈધાર પરિવારે આયોજન-અમલની જવાબદારી હોંશે-હોંશે સુપેરે સંપન્ન કરી.
- તા.૨૮ના રોજ પીડીલાઇટ, મુંબઈની ટીમ માઈધાર સંસ્થા મુલાકાત માટે આવી ગઈ.

### મે-૨૦૨૨

### લોકભારતી સમાચાર

- તા. ૦૧ના રોજ લોકસેવા મહાવિદ્યાલય ત્રીજા વર્ષના બી.આર.એસ.ના વિદ્યાર્થી ભાઈ-બહેનોનો વિદાય શુભેચ્છા કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી હસમુખભાઈ સુથાર, શ્રી જયવંતસિંહ ગોહિલ સહિત સૌએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી.
- ભાવનગર જિલ્લાના ખાતર વિક્રેતાઓના સર્ટિફિકેટ કોર્સ "સંકલિત પોષણ વ્યવસ્થાપન"ની તાલીમ તા. ૦૨થી ૧૬ દરમિયાન ૧૫ દિવસ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાઈ ગઈ.
- તા.૦૬ના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રી અરુણભાઈ દવેને બીજે દિવસે ગુજરાત-કચ્છનો પ્રખ્યાત ચંદ્રકાંત અંજારિયા ઍવૉર્ડ મળવાનો છે તે અનુસંધાને લોકભારતી પરિવાર વતી અભિનંદન આપવામાં આવ્યા.
- તા.૦૮ના રોજ કવિશ્રી સંજુ વાળા, શ્રી જ્વલંત છાયા(પ્રસિદ્ધ પત્રકાર, ચિત્રલેખા કોલમિસ્ટ અને લેખક-ચિંતક), શ્રી સુનિલ જાદવ(ફૂલછાબના પૂર્વ કટાર લેખક ગુજરાતીના પ્રાધ્યાપક), કવિશ્રી રાણા બાવળિયા(ડાકોર કૉલેજ અને લોકભારતીના પૂર્વછાત્ર) ઓચિંતા જ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા. શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ તેઓને લો.ભા. દર્શન કરાવ્યું.
- તા.૦૯ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણી કચ્છના નીલપર મુકામે યોજાયેલી સમન્વય શિક્ષણ ગોષ્ઠિમાં વક્તવ્ય આપવા જઈ આવ્યા.
- તા.૦૯ના રોજ પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના બે હિસાબી અધિકારીઓ શ્રી મહેબૂબભાઈ પુંજાણી અને શ્રી ભાવિકભાઈ દવે માર્ગદર્શન આપવા આવી ગયા.
- તા.૧૨થી ૧૫ એમ ત્રણ દિવસની આનંદાલય ગ્રુપની એક કાર્યશાળા શ્રી વિશાલભાઈ ભાદાણીના સંચાલનમાં યોજાઈ ગઈ.

- તા.૧૩મીના રોજ શ્રી પાર્થેશભાઈ પંડ્યા અને શ્રી શિવાનીબહેન જૈન આવી ગયાં અને તેઓએ સૌ સંબંધિતો સાથે બેઠક કરી.
- તા.૧૩મીના રોજ માઈધારથી શ્રી ભાવનાબહેન પાઠક આનંદાલય વર્કશોપમાં બાળગીતોનું નિદર્શન આપવા આવી ગયાં.
- તા.૧૫મીના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયની સને ૧૯૯૨ની બેચના પૂર્વવિદ્યાર્થીઓનું મિલન મળી ગયું, જેમાં શ્રી અરુણભાઈ દવેએ લોકભારતી અંગે સમગ્ર વાતો રજૂ કરી.
- તા.૧૫મીના રોજ ગુ.રા.મા.શિક્ષણ બોર્ડનાં નિયામક શ્રી અવનીબા રાઠોડ આનંદાલય વર્કશોપના સમાપન કાર્યક્રમ નિમિત્તે લોકભારતીની મુલાકાતે આવી ગયાં.
- તા.૧૬થી ૧૯ના રોજ અનુક્રમે લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષની અને પ્રથમ વર્ષની વાર્ષિક પરીક્ષાઓ સંપન્ન થઈ.
- મધ્યપ્રદેશ સરકાર દ્વારા કૃષિ અને સંલગ્ન વિભાગના અધિકારીઓને 'પ્રાકૃતિક કૃષિ' અંગે બાવન જિલ્લાઓમાં તા.૧૮થી ૨૦ દરમિયાન તાલીમનું આયોજન કરવામાં આવેલ, જેમાં શ્રી વીરાભાઈ ચાવડા માસ્ટર ટ્રેનર તરીકે પ્રાકૃતિક કૃષિ વિષય પર તાલીમ આપવા જઈ આવ્યા.
- તા. ૨૧ અને ૨૨ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ક્ષેત્રીય કચેરી, પુના ખાતે "ખેડૂતોની આવક ડબલ કરવાની સફળ વાર્તાઓ" માટેની કાર્યશાળામાં ભાગ લેવા માટે શ્રી જગદીશભાઈ કંટારિયા જઈ આવ્યા.
- તા.૨૫ના રોજ પીડીલાઇટના શ્રી પવનકુમાર જળસંચય અને યુનિવર્સિટી ઑફિસના બાંધકામની રૂબરૂ મુલાકાતે આવી ગયા. તેઓ ઝાંઝમેર મુકામે ચાલતા મોટા ચેકડેમની મુલાકાતે પણ જઈ આવ્યા.
- લોકભારતીના શુભેચ્છક શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની તા.૨૫ અને ૨૬ એમ બે દિવસ માટે યુનિવર્સિટીના માર્ગદર્શન અર્થે આવી ગયા. તેઓ સાથે રાજકોટ સ્થિત શ્રી પરેશભાઈ અને સુષ્માબહેન વડગામા પણ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયાં.
- માઈધાર મુકામે ચાલતાં ગુજરાતના અગસ્ત્ય વિજ્ઞાન કેન્દ્રોના વિજ્ઞાનશિક્ષકોની બાર દિવસની તાલીમ ચાલી રહી છે, તેમાં બ્રહ્માંડ અંગેનું વક્તવ્ય અને પ્રેઝન્ટેશન તથા રાત્રે આકાશદર્શન કરાવવા શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબેન જોગરાણા તા.૨૭મીના રોજ જઈ આવ્યાં.
- તા. ૨૭ના રોજ vellor institute of technology દ્વારા "recent research treands in language and literature" વિષય પર આયોજિત ઓનલાઈન સેમિનારમાં શ્રી વિશાલભાઈ જોશી ભાગીદાર થયા.
- લોકભારતીને ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો મળવાનું નક્કી થતાં તેની ઑફિસનું કાર્ય છેલ્લા એકાદ માસથી પૂરજોશમાં અત્યારે ચાલે છે. તા.૨૮મીના રોજ લોકભારતી સ્થાપના દિવસ નિમિત્તે સવારે શુભ મુહૂર્તમાં ચાર સ્ટાફ ક્વાર્ટરનું ખાતમુહૂર્ત સૌ કાર્યકર પરિવારજનોની હાજરીમાં કરવામાં આવ્યું. તેમાં ટ્રસ્ટીશ્રી પ્રશાંતભાઈ ભટ્ટ પણ ઉપસ્થિત રહ્યા.
- લોકભારતી સ્થાપના દિન નિમિત્તે તા.૨૮મીના રોજ સાયં પ્રાર્થનામાં સૌએ સમૂહમાં ભજન ગાયું અને લોકભારતીની સ્થાપના દિનની સ્મૃતિઓ અંગે વાચન કરવામાં આવ્યું.
- તા.૨૯ના રોજ જાણીતા ગોપ્રેમી અને

પર્યાવરણપ્રેમી શ્રી મનસુખભાઈ સુવાગિયા લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

- તા.૩૦ અને ૩૧ એમ બે દિવસ પીડીલાઇટના CSRના વડા શ્રી પી. કે. શુક્લાજી, શ્રી પવનભાઈ અને શ્રી તીર્થભાઈ લોકભારતીની મુલાકાતે આવી ગયા. તેઓ લોકભારતી જળ સંચય વિભાગ દ્વારા ચાલતા ઝાંઝમેર મુકામે બંધાઈ રહેલા મોટા ચેકડેમની મુલાકાતે પણ જઈ આવ્યા, જેમાં શ્રી મનોજભાઈ અગ્રાવત સાથે રહ્યા. તેઓએ લોકભારતીમાં યુનિવર્સિટી નિર્માણ અંતર્ગત ચાલતાં કાર્યો પણ જોયાં. તેઓએ શ્રી અરુણભાઈ દવે સાથે અને અન્ય સૌ સંબંધિતો સાથે ચર્ચા-વિચારણાઓ પણ કરી.
- શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની તા.૩૧ના રોજ માટે યુનિવર્સિટીના માર્ગદર્શન અર્થે શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા સાથે આવી ગયા.
- ડૉ. વાય.એસ. પરમાર યુનિવર્સિટી, સોલન, હિમાચલ પ્રદેશ ખાતે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી આયોજીત ૧૨માં દ્વિવાર્ષિક રાષ્ટ્રીય કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સંમેલનમાં ભાગ લેવા તેમજ ક્ષેત્રિય કચેરી, પુના તરફથી પ્રાકૃતિક કૃષિના તકનીકી કેન્દ્રના પ્રદર્શનમાં ભાગ લેવા શ્રી નિગમભાઈ શુકલ તથા શ્રી વિનીતભાઈ સવાણી જઈ આવ્યા.
- તા. ૩૧ના રોજ ગરીબ કલ્યાણ સંમેલન અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તથા ખેતીવાડી વિભાગ, જિલ્લા પંચાયત, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે માન. વડાપ્રધાનશ્રીના ખેડૂતો સાથેના સીધા સંવાદનું જીવંત પ્રસારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૨૦૨ ખેડૂતોએ ભાગ લીધો.
- લોકભારતી યુનિવર્સિટીની સ્થાપના સંદર્ભે જરૂરી કાર્યવાહીઓમાં ગળાડૂબ રહેલા શ્રી અરુણભાઈ તા.૨જીએ અડાલજ ખાતેની બેઠકમાં હાજરી આપી તા. ૭મીએ ભૂજ ખાતે અંજારિયા શિક્ષણ એવોર્ડથી સન્માનિત થઈ આવ્યા. માઈધાર, મણાર અને આંબલામાં ચાલી રહેલાં પુનઃનિર્માણના કામો સંદર્ભે પણ જઈ આવ્યા.

**આંબલા સમાચાર**

- તા. ૦૯ના રોજ પીડીલાઈટ કંપનીમાંથી શ્રી મહેબુબભાઈ પૂજાણી તથા શ્રી ભાવિકભાઈ દવે સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- તા. ૧૦ના રોજ શ્રી રવિન્દ્રભાઈ પંડયા પીડીલાઈટ કંપનીમાંથી આવેલ શ્રી મહેબુબભાઈ પૂજાણી તથા શ્રી ભાવિકભાઈ દવે સાથે મણાર સંસ્થા મુલાકાતે જઈ આવ્યા.
- તા.૧૫થી સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાજકોટના આર્થિક સહયોગથી મફત છાશ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા. તેનું સમગ્ર સંચાલન શ્રી ભાવેશભાઈ ડાંગર દ્વારા કરવામાં આવ્યું.

**મણાર સમાચાર**

- ગુજરાત સરકાર દ્વારા આયોજિત કલા મહાકુંભમાં આપણી શાળાની સંગીત ટુકડી સમૂહગીતમાં જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સૌરાષ્ટ્ર ઝોનમાં રાજકોટ મુકામે જઈ આવ્યા. તેમની સાથે સંગીત શિક્ષક ડાભી મહેન્દ્રભાઈ અને શ્રી વિપુલભાઈ સરવૈયા જઈ આવ્યા.
- વેકેશનમાં શાળાના ૧૫ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને સંસ્થાએ કામ આપીને શિક્ષણમાં આર્થિક મદદરૂપ બન્યા.
- શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ સંસ્થાની મુલાકાતે આવી ગયા
- ગુજરાત યુનિવર્સિટીના ૨૦ વિદ્યાર્થીઓ તાલીમ લેવા સંસ્થા મુલાકાતે આવી ગયા. તેમને અલગ-અલગ વિભાગોથી પરિચિત કરવામાં આવ્યા.

**માઈધાર સમાચાર**

- તા.૪,૫,૬ના રોજ ભાવનગર શૈશવ સંસ્થા દ્વારા ત્રણ દિવસની ૮૦ બાળકોની ગ્રીષ્મ શિબિર યોજાઈ ગઈ.
- તા.૧૨ના રોજ વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું. લોકભારતીમાંથી શ્રી જગદીશભાઈ સરવૈયા અને વિદ્યાર્થીઓ દ્વારા ગીતો,ભજનો, લોકગીતો, લોકસાહિત્ય વગેરેની મોજ સાથે રજૂઆત થઈ.
- તા. ૧૩ના રોજ શ્રી ભાવનાબહેન પાઠકે, આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલા શિક્ષણના કાર્યકરો સાથે લોકભારતીમાં ચાલતી આનંદાલય શિક્ષકોની શિબિરમાં વિજ્ઞાન ગીતોની પ્રસ્તુતિ કરી.
- તા. ૨૩ મે થી ૨ જુન દરમિયાન અગસ્ત્ય અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર માઈધારના કાર્યકરોની તાલીમ યોજાઈ ગઈ. તા.૨૩ ના રોજ તાલીમનું ઉદ્‌ઘાટન શ્રી અરુણભાઈ દવે અને શ્રી વિજયભાઈ કૌશલની પ્રાસંગિક વાતોથી કરવામાં આવ્યું. તા. ૨૮ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણા દ્વારા કાર્યકરોને આકાશ-દર્શન કરાવવામાં આવ્યું. તાલીમ દરમિયાન શ્રી ભાવનાબહેન પાઠક દ્વારા અલગ અલગ વૈજ્ઞાનિક ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી.
- તા. ૨૬ ના રોજ શ્રી ભાવનાબહેન પાઠક અને શ્રી અક્ષયભાઈ ડાંગર દંગાપરા પ્રાથમિક શાળાની શુભેચ્છા મુલાકાતે જઈ આવ્યા.

અદના તે અદમી છઈએ,
હો ભાઈ, અમે અદના તે અદમી છઈએ.
ઝાઝું તે મૂંગા રહીએ,
હો ભાઈ, અમે અદના તે અદમી છઈએ.

વસ્તરના વણનારા ખેતરના ખેડનારા,
ખાણના ખોદનારા છઈએ.
હોડીના હાંકનારા, મારગના બાંધનારા,
ગીતોના ગાનારા છઈએ.
હે જી, અમે રંગોની રચના ય દઈએ!
હો ભાઈ, અમે અદના તે અદમી છઈએ.

છઈએ રચનારા અમે છઈએ ઘડનારા,
તે સંહારની વાતું નહીં સહીએ.
જીવતરનો સાથી છે સર્જન અમારો,
નહીં મોતના હાથા થઈએ.
હે જી, એની વાતુંને કાન નહીં દઈએ!
હો ભાઈ, અમે અદના તે અદમી છઈએ.

\- પ્રહલાદ પારેખ

# ...સન્માનિત થતી લોકભારતી...




શ્રી અરુણભાઈ દવેને ગ્રામાભિમુખ કેળવણીક્ષેત્રે પ્રદાન બદલ
શ્રી ચન્દ્રકાંત અંજારિયા મેમોરિયલ ટીચર્સ ટ્રસ્ટ-ભુજ દ્વારા તા. ૦૭-૦૫-૨૨ના રોજ સન્માનિત કરવામા આવ્યા.




ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા ખાતે 'માતુશ્રી કાશીબા હરિભાઈ ગોટી' સંસ્થા-સુરતના આર્થિક સહયોગથી
'શ્રી મહારાજા કૃષ્ણકુમારસિંહજી પુસ્તકાલય'નું લોકાર્પણ શ્રી રઘુવીરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને સંપન્ન થયું.




ગ્રામદક્ષિણામૂર્તિ મણાર ખાતે 'માતુશ્રી કાશીબા હરિભાઈ ગોટી' સંસ્થા-સુરતના આર્થિક સહયોગથી
'છગનદાદા(ચોગઠ) કન્યા છાત્રાલય'નું લોકાર્પણ શ્રી રઘુવીરભાઈ ચૌધરી અને શ્રી કેશુભાઈ ગોટીની
પ્રેરક હાજરીમાં યોજાઈ ગયું.




હવે માત્ર **₹10** મા ઉપલબ્ધ છે

સંકટમય સ્થિતિ માટે **આને ઘરમાં રાખો**

TO.

**From :**

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-